# સહજ-સત્સંગ

અંક : ૨૬૩ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા નવેમ્બર : ૨૦૧૦



શૈલપુત્રી



# મા મીરાંબિકા

અર્પવું બધું સ્વતણું, એ યોગારંભ મનાય ।
ધરવા કર્મો પ્રભુ-પદે, એ યોગ-પથ કહેવાય ।
સમર્પણ સમગ્ર સ્વતણું, એ યોગ-સિદ્ધિ ગણાય ।।

**- શ્રી માતાજી**

Give all you have, this is beginning. Give all you do, this is way.
Give all you are, this is fulfillment.

- The Mother

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૧ જૂન ૧૯૧૪)



**એકીસાથે નિષ્ક્રિય અને પૂર્ણ રીતે વિશુદ્ધ એવી આરસી બની રહેવું અને એ જ વખતે..... એ ઈચ્છાશક્તિને સાકાર કરતી પ્રવૃત્તિ બની રહેવું, આ છે લગભગ મનુષ્યે કરવાનું કામ. આ બે વલણો, નિષ્ક્રિય ગ્રહણશીલતા અને સાકાર કરતી પ્રવૃત્તિ, એ બેને ભેગાં કરવાં એ જ સૌથી વધુ મુશ્કેલ વસ્તુ છે.**

**તું અમારી પાસે એ વસ્તુ કરાવવા માંગે છે, એટલે હવે કોઈ શંકા રહેતી નથી કે એને સિદ્ધ કરવાનાં સાધનો તું અમને આપશે જ.**

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** ('આંતરિક અચલતા અને પ્રવૃત્તિનો સમન્વય') | ૧ | **ઉપનિષદોનું અમૃત** (અક્ષરબ્રહ્મને જાણકાર જ બ્રહ્મજ્ઞ) | ૨૮ |
| **દૈનિક જીવનમાં યોગસાધના (૬)** (ભૂલો અને મૂશ્કેલીઓ (૧) | ૪ | **વેદવિજ્ઞાન** (વૈશ્વદેવ યજ્ઞ-૫) | ૨૯ |
| **માતૃવાણી** ('જીવનનું શાસ્ત્ર'-૧) | ૭ | **આગામી-ભાવિ** (સાધનામાંની મૂળભૂત ભૂલ) | ૩૨ |
| **ગીતાનિબંધો** (ગીતા આજે પણ જરૂરી) | ૧૦ | **સાંજના વાર્તાલાપો** (હિંસા અને અહિંસા) | ૩૩ |
| **માનવવિકાસ ચક્ર** (જીવનના નિયામક તરીકે તર્ક - બુદ્ધિ) | ૧૪ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (કયો આદર્શ રાખવો ?) | ૩૫ |
| **સાવિત્રી** (પ્રભુનું માર્ગદર્શન) | ૧૬ | **સર્વાંગી આરોગ્ય** (ભીતિનું નિવારણ) | ૩૭ |
| **યોગ વિષે પત્રો** (સ્વરૂપની ભૂમિકાઓ) | ૨૦ | **સાધના બાબતની વ્યાપક ગેરસમજો** | ૪૦ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (ભારતીય રાષ્ટ્રીયતા) | ૨૩ | **શ્રી અરવિન્દનાં વિચાર - સૂત્રો** | ૪૪ |
| **સુંદર કથાઓ** (સબૂરી) | ૨૭ | **સિદ્ધિદિન** | ૪૬ |
| | | **અંતર્મુખી જીવન** (પુસ્તક પરિચય) | ૪૮ |
| | | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૬૩ વર્ષ : ૨૨
નવેમ્બર - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : **૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'** - **ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડીચેરીના કોપીરાઈટ છે)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# 'આંતરિક અચલતા અને પ્રવૃત્તિનો સમન્વય'

**સમજૂતી** - માનસિંહ ચાવડા

સાધકની સાધનાના તબક્કામાં એવો એક તબક્કો છે જ્યારે સાધકની ચેતના નીરવ અને તદ્દન શાંત અને અચલ બની જાય છે, નિરાકાર અને અસીમ બની જાય છે. પુરાતન યોગ આને જ બ્રહ્મચેતના સમજી તેની સાથે એકરૂપ થઈને રહેવામાં જ જીવનની સાર્થકતા અનુભવે છે.

પણ આ અક્ષરપુરુષની ચેતના એ અંતિમ અવસ્થા નથી. આની ઉપર એક વધારે સમન્વયકારી ચેતના આવી રહેલી છે. તેમાં પ્રવૃત્તિમય જીવનને પણ સાંકળી લેવામાં આવે છે. આ અવિચળ ચેતનાના અવકાશની પણ ઉપરનાં ઊર્ધ્વ પ્રદેશમાંથી કર્મોની પ્રેરણાઓ આવે છે. આ અવકાશમાંથી પસાર થઈ ને નીચે રહેલ પ્રકાશમય મનમાં ઝીલાય છે. સાધક તેને પ્રભુનો આદેશ માની તે અનુસાર ભક્તિભાવથી કાર્ય કરવા માંડે છે. આ જ કર્મયોગની ભૂમિકા છે. આવી રીતે પેલી અવિચળતા અને પ્રવૃત્તિનો આ કક્ષાએ જાણે સમન્વય સધાય છે. માનવે આવી અવસ્થા પ્રાપ્ત કરવાની છે. આ ભૂમિકામાં જ માનવ પ્રભુના કાર્યનો દિવ્ય-યોદ્ધો, નિમિત્ત કે સાધન બને છે.

માતાજીને ખાતરી થાય છે કે પ્રભુ આ પ્રકારની અવસ્થા પ્રાપ્ત કરાવવાની અપેક્ષા રાખે છે. માતાજીને ખાતરી છે કે આ ધ્યેયને પ્રાપ્ત કરવાની સાધના-પદ્ધતિ પણ પ્રભુ પોતે જ આંતર-પ્રેરણાથી સમજાવશે એની માતાજીને પૂરેપૂરી શ્રદ્ધા છે. આપણે ફક્ત તે પ્રેરણાઓને અનુસરી પોતાને ઢાળી દેવાનાં છે. પ્રભુની પ્રેરણાને અનુસરવાનું છે.

# દૈનિક જીવનમાં યોગ (૬)

- જ્યોતિબેન થાનકી

## ભૂલો અને મૂશ્કેલીઓ (૧)

ભૂલ કરવી એ માનવનો સ્વભાવ છે. કોઈ મનુષ્ય પૂર્ણ નથી. આથી જીવનમાં ભૂલો તો થતી જ રહે છે. પણ દરેક ભૂલ મનુષ્યને કંઈક શીખવાડે છે. મનુષ્યને આગળ વધારે છે અને તેને પૂર્ણતા પ્રત્યે લઈ જવામાં મદદ કરે છે. પરંતુ મનુષ્ય ભૂલોને આ દૃષ્ટિથી જોતા નથી એટલે તે ભારે દુઃખી થાય છે તથા નિરાશા અનુભવવા લાગે છે. ભૂલ કર્યા બદલ પોતાની જાતને કોસ્યા કરે છે. તો ભૂલો શું છે ? તે શા માટે સર્જાય છે ! એકની એક ભૂલ મનુષ્ય વારંવાર શા માટે કરતો હશે ? ભૂલો ન થાય અને તેના દુષ્પરિણામો ન ભોગવવાં પડે તે માટે આપણે શું કરવું જોઈએ ? આ અંગે શ્રી માતાજીએ જે માર્ગદર્શન આપ્યું છે, તે હવે આપણે જોઈએ.

**ભૂલ શું છે ?**

ભૂલ અજ્ઞાનતાનું પરિણામ છે, અજાગ્રતતાની નિશાની છે. ઘણીવાર આસક્તિના પરિણામે પણ મનુષ્ય ભૂલ કરી બેસે છે. મોહ, આસક્તિ, ક્રોધ, લોભ, ઈર્ષા આ બધાં ભૂલોનાં સર્જક-પરિબળો છે. પુત્રમોહમાં ધૃતરાષ્ટ્ર ભૂલ કરી બેઠા અને યુધિષ્ઠિરને હસ્તિનાપુરની ગાદી આપવી જોઈએ તેના બદલે દુર્યોધનને આપી. તેનું પરિણામ સર્વનાશમાં આવ્યું. ઘણીવાર નાની એવી ભૂલ વિનાશ સર્જી દે છે અને પછી જીવનભર પસ્તાવું પડે છે. આથી મનુષ્યે સાવધાની રાખવી પડે છે. ઘણીવાર ક્રોધના આવેશમાં પણ માણસ ન બોલવાના શબ્દો બોલી નાંખે છે, અને પછી જીવનભરના આત્મીય સંબંધો વણસી જાય છે અથવા તો પરિવારો તૂટી પડે છે. આથી ક્રોધ, લોભ અને મોહ આ ત્રણ પ્રત્યે જો મનુષ્ય સજાગ દૃષ્ટિ રાખે તો ગંભીર ભૂલો ઓછી થાય છે.

**ભૂલ પ્રત્યેનું આપણું વલણ કેવું હોવું જોઈએ ?**

સામાન્ય રીતે જ્યારે કોઈ ભૂલ કરી બેસે છે ત્યારે એ ભૂલ એના ચિત્તનો કબજો લઈ લે છે. રાતદિવસ એ ભૂલ તેને કોરી ખાતી હોય છે. તે નિરાશ અને હતાશ બની જાય છે. પોતાની જાતને તુચ્છ માનવા લાગે છે અને કહે છે કે, ''હું સાવ તુચ્છ છું, કંઈ કરી શકું તેમ નથી. મારાથી કેવી કેવી ભૂલો થઈ જાય છે ! જીવનમાં હું ક્યારેય આગળ વધી શકીશ નહીં.'' આવું વિચારીને તે માથે હાથ દઈને બેસી જાય છે અને પોતાની જાતે

જ આગળ વધવાનો માર્ગ બંધ કરી દે છે. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે ''એ તો સ્વાભાવિક છે કે તમારાથી કોઈ ભૂલ થઈ જાય તો એમાં તમારું હૃદય ભાંગી જવાનો અથવા તો નિરાશ થવાનો કે દુઃખી થવાનો પ્રશ્ન ન ઊઠવો જોઈએ, કારણ કે દરેક પ્રકારની ભૂલોને સુધારી શકાય છે. જે ક્ષણે તમને ખબર પડે કે આ વસ્તુ ભૂલભરેલી છે, તે જ ક્ષણથી પોતાની અંદર કાર્ય કરવાનો, ખૂબ પ્રસન્નચિત્ત રહેવાનો અવસર મળી રહે છે.''

**ભૂલ છે પ્રગતિની નિશાની :**

પ્રત્યેક ભૂલ મનુષ્યને શીખવે છે, જાગ્રત કરે છે, તેને પ્રગતિ માટે સહાયક બને છે. ભૂલ થતાં મનુષ્ય તેનું કારણ શોધીને પોતાની અંદરની નિર્બળતાને દૂર કરવા પ્રયત્ન કરે છે, તેથી તેની ચેતનાનો વિકાસ થાય છે. તેની પ્રકૃતિમાં રહેલી ખામીઓ આ રીતે દૂર થતી જાય છે. પરંતુ ભૂલ થયા પછી તેણે આત્મનિરીક્ષણ કરીને પોતાની ખામીઓને દૂર કરવાનો સાચા દિલથી પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ તેમ કરવાને બદલે જો તે પોતાની જાતને દોષ દીધા કરે અને એકની એક ભૂલ વારંવાર કર્યા કરે તો તેની ચેતનાનો વિકાસ થવાને બદલે પતન થાય છે. ભૂલ કરવી એ સ્વાભાવિક છે, પણ ફરી ફરીને એકની એક ભૂલ કરવી એ મૂઢતા છે. પશુઓ પણ ભૂલ પછી સાવધ બની જતાં હોય છે. શ્રી માતાજી કહે છે કે તમે ભૂલ કરી બેસો પછી અશાંત ન બનો, આકુળવ્યાકુળ ન બનો. કદી પણ એ વિશે કચવાટ ન કરો કેમ કે જ્યારે તમે બબડાટ કરો છો, ત્યારે બધા જ પ્રકારનાં બળો તમારી અંદર પ્રવેશી જાય છે અને તમને નીચે ઘસડી જાય છે. તમે જેટલો વધારે કચવાટ કરશો, એટલા તમારા દુઃખો વધારે વધશે. તમે જે સ્થિતિમાં હો, તેના વિષે સતત ફરિયાદ કરવી અને પોતાની અંદર ફેરફાર કરવા માટે કશો જ પ્રયત્ન ન કરવો એ તો તમારા સમય અને શક્તિનો દુર્વ્યય છે.'' પરંતુ મનુષ્ય પોતે શા માટે આવી ભૂલ કરી બેઠો, એવાં કયાં પરિબળો તેની અંદર રહેલાં છે કે તેને આવી ભૂલ પ્રત્યે દોરી ગયાં, એ જાણવાને બદલે બસ ભૂલ થઈ ગઈ અને હવે પોતે કશા કામનો રહ્યો નથી, એનો કચવાટ કર્યા કરે છે. પરિણામે નથી તેની આંતરિક સ્થિતિમાં પરિવર્તન આવતું કે નથી એ ભૂલ કરાવનાર પરિબળોમાંથી મુક્ત થતો. આથી શ્રી માતાજી આ અંગે માર્ગદર્શન આપતાં કહે છે કે,

આ ગણગણવાની ટેવ, આ નિરાશ થવું, અથવા અસલામતીની લાગણી હોવી અથવા તમારી જાતને દોષ દેવો અને કહેવું, ''અરે આવી પરિસ્થિતિમાં પણ તેં ભૂલ કરી ? હવે તું નકામો છે. આ બધું નરી મૂર્ખતા છે. આ સ્થિતિમાં તમે તમારી જાતને

કહો કે કઈ રીતે વસ્તુ કરવી તે હું જાણતો નથી, પણ મારા માટે તે કરવામાં આવે છે અને એમાંથી મારે શીખવાનું છે. પછી ભલે ગમે તે પરિસ્થિતિ ઊભી થાય અને પછી તમે જોઈ શકો છો કે એક મુશ્કેલી, એક ભૂલ, કે એક નિષ્ફળતા કે એક વિઘ્ન તે બધું જ આપણને મદદ કરવા માટે છે, જેથી આપણે પૂર્ણ બનીએ. એક વખત તમને આની ખબર પડી જાય, પછી બધું જ સહેલું બની જાય છે. જો તમે આ વસ્તુને સારી રીતે સમજી લેશો તો તમારી ઘણી ઘણી ચિંતાઓનો અંત આવી જશે અને તમે ખૂબ ખૂબ સુખી થશો.''

**ભૂલમાંથી મુક્તિ :**

મનુષ્ય કંઈ પૂર્ણ નથી. આથી જ્યાં સુધી તે પરમાત્માની દિવ્યચેતનાને સંપૂર્ણપણે ધારણ ન કરે ત્યાં સુધી તો તે ભૂલોમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવી શકે નહીં. પરંતુ જો તે સભાન બને અને સાચી રીતે પ્રયત્ન કરે તો તે ગંભીર ભૂલો કે જે તેના જીવનને નીચે લઈ જાય, તેમાંથી જરૂર બચી શકે છે. એ માટે પ્રથમ તો આવશ્યકતા છે સભાન બનવાની. એમાં જો મનુષ્ય એટલું જ નક્કી કરે કે હું વગર વિચાર્યું કોઈ કાર્ય કરીશ નહીં અને વગર વિચાર્યું બોલીશ નહીં, તો પણ તે અનેક ભૂલો કરતો અટકી જશે. મોટે ભાગે તો મનુષ્ય પ્રકૃતિનાં બળોનું પ્યાદું બનીને કાર્ય કરતો હોય છે તેથી તેને કરવું ન હોય તો ય કાર્ય થઈ જાય છે, બોલવું ન હોય તો ય બોલાઈ જાય છે. આથી માણસે સતત આત્મનિરીક્ષણ કરતાં રહેવું જોઈએ કે પોતે શા માટે આ કાર્ય કરી રહ્યો છે ? એના શું પરિણામો આવશે ? એનું એ કાર્ય, એની ચેતનાના વિકાસને અનુરૂપ છે કે નહીં, આ બાબત પ્રત્યેની સભાનતા માણસે કેળવવી પડે છે. જો માણસ સહેજ પણ પોતાના આત્મા પ્રત્યે જાગૃત હોય તો તે જ્યારે જ્યારે ખોટું કાર્ય કરતો હોય કે ભૂલ કરતો હોય તો ત્યારે તેને અંતરમાંથી ચેતવણી મળતી જ હોય છે. એ કંઈ સ્પષ્ટ અવાજ નથી હોતો. પણ બેચેનીની લાગણી રૂપે, અથવા મનાઈ રૂપે ઈંગિત મળે છે. પણ એમ છતાં પોતાની ઇચ્છાઓને આધીન થઈને અંતરના એ અવાજની અવગણના કરીને મનુષ્ય કાર્ય કરી નાંખે તો પછી એ ભૂલ ગણાય અને તેના પરિણામો ભોગવવાં પડે છે.

એ ઉપરાંત ભગવાનને પ્રાર્થના કરવાથી પણ યોગ્ય દોરવણી અવશ્ય મળે છે. ભૂલમાંથી ભગવાન ઉગારી લે છે. આમ, અપૂર્ણ એવો મનુષ્ય ભૂલને પાત્ર હોવા છતાં ભગવાનની દિવ્ય કરુણા એ ભૂલમાંથી ઉગારી લઈ શકે છે. એ માટે પ્રાર્થના, આત્મનિરીક્ષણ, સભાનતા, અંતરનો અવાજ - આ ઉપાયો રહેલા છે. એના દ્વારા ભૂલોની માત્રા ઓછી થઈ જાય છે અને ભૂલો પ્રગતિ માટે સહાયક બની જાય છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## 'જીવનનું શાસ્ત્ર'

(પ્રકરણ - ૧)

**અવતરણો**

૧ ધ્યેયમાંથી આનંદ મળે છે ? ... ધ્યેય એક આદર્શ છે અને આદર્શ વડે જીવન સમુદ્ધ થાય એમ ખરું ?... પૃ.૩૮-૩૯

૨ આ જે પ્રયત્ન કરવાની ક્રિયા છે, ..... એ ક્રિયા જ તમારામાં એવાં આંદોલનો ઉત્પન્ન કરે છે કે જેથી તમે વિશ્વરૂપ આંદોલનો સાથે સંબંધમાં આવો છો અને આ જ વસ્તુ તમને આનંદ આપે છે. પૃ.૪૦

૩ એ પ્રાપ્ત કરવાની વસ્તુ તમને તમારી જાતને વ્યવસ્થિત કરવાની ફરજ પાડે છે. તમારી શક્તિઓને કોઈક રીતે એકાગ્ર કરાવે છે.

..... આ એકાગ્રતામાં, સંકલ્પ - શક્તિની આ તીવ્રતામાં આનંદનું મૂળ રહેલું છે.... આ એકાગ્રતા..... બીજી શક્તિઓને ઝીલવાની શક્તિ મેળવી આપે છે.પૃ.૪૧

૪ પોતાની જાતને જાણવી એટલે પોતાની ઉપર કાબૂ મેળવવો.... કાર્ય વિષે સભાન બનવું..... આ જ્ઞાન આપણને સભાન કાબૂ પ્રત્યે લઈ જાય તેમ થવું જોઈએ.પૃ.૪૧

૫ આવી સ્થિતિમાં રહેવાને માટે તમારી પાસે 'એન્ટેના' હોવી જોઈએ કે જે તમારી સાચી ચેતનાના કેન્દ્રની સાથે સંપર્કમાં રહેતી હોય. પૃ૪૩

૬ શક્તિઓ અને પ્રભાવો તમારા ઉપર સતતપણે કાર્ય-પ્રતિકાર્ય કરી રહ્યાં હોય છે... જો તમે પૂરેપૂરા જાગૃત નથી હોતા, તો આ વસ્તુઓ તમારી અંદર દાખલ થઈ જાય છે.પૃ.૪૪

૭ તમારે સમૂહમાં તમારું વ્યક્તિત્વ જાળવી રાખવું હોય તો તે માટે તમારે પોતાની જાત વિષે સંપૂર્ણ રીતે સભાન બની રહેવું જોઈએ.પૃ.૪૪

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી નવે. ૧૯૫૦ના બુલેટિનમાંનાં પોતાના લેખ 'જીવનનું શાસ્ત્ર' બાબત વાતો કરી રહ્યાં છે.

''માતાજી, ધ્યેય વિનાનું જીવન એ આનંદ વિનાનું શા માટે છે ? શું તે સિવાય આનંદ નથી જ ?.''

''ના એવું નથી, ધ્યેય વિનાના લોકો પણ પોતાના દૈનંદિન ભૌતિક જીવનમાં આનંદ લઈને સુખેથી જીવતા હોય છે.''

''તો શું ધ્યેયમાંથી જુદા પ્રકારનો આનંદ મળે છે ? એક સમૃદ્ધ થયાનો આનંદ, પૈસાદાર થવાનો આનંદ ?''

''પણ બેટા, એ તો બહુ જ સ્થૂળ પ્રકારનો છે. તે આનંદ સ્થાયી હોતો નથી.''

'' તો શું માતાજી, ધ્યેયથી જીવનને એક અર્થ મળે છે. તેના માટે પ્રયત્ન કરવાનો આનંદ હોય છે તેવી આ વાત છે ?''

''બરાબર એવી જ આ વાત છે. પ્રયત્નને કારણે સમગ્ર સ્વરૂપ એકાગ્ર અને સંવાદમય બની જાય છે, તેથી આંતરિક આનં પ્રગટ થાય છે.''

''પણ માતાજી, પરિસ્થિતિના દબાણ નીચેનો પ્રયત્ન આવો આનંદ આપતો નથી. પ્રગતિ માટેનો પ્રયત્ન જ આનંદ આપે છે.''

''હા બેટા, પરિસ્થિતિના દબાણ નીચેનો પ્રયત્ન સ્થૂળ ચેતનામાંથી અનિચ્છાએ થાય છે. પ્રગતિ માટેનો પ્રયત્ન માનસિક પ્રકારનો હોય છે. દા.ત. જમવા ન મળવાથી થએલો ઉપવાસ આનંદ આપતો નથી, પણ યોગસાધનાના અંગ તરીકે કરેલો ઉપવાસ આનંદ આપે છે એ લોકોનો દૈનંદિન અનુભવ છે.''

''બેટા, પ્રયત્નમાં તમારામાંનું તમસ ભાંગી પડે છે. તમારી ચેતનામાં થતાં આંદોલનો વૈશ્વિક- આંદોલનોથી અનુરૂપ હશે તો વિશ્વશક્તિઓ તમારામાં પ્રવેશીને ઉત્સાહ વધારે છે. તેમાં જ આનંદ મળે છે. તેમાંથી તમે પોષણ મેળવો છો.''

''આ વસ્તુ સૂક્ષ્મ જગતમાં થતી હોય છે, જે સામાન્ય લોકોને ખબર હોતી નથી. એકાગ્રતા અને સંકલ્પમાં તમે જે શક્તિઓ ખરચો છો તેથી ઘણીબધી વધારે તમને કુદરત આપી દે છે.''

''તો માતાજી, આ માટે સતત અભીપ્સામાં રહેવું જરૂરી છે ? કારણ તે જ એકાગ્રતા અને સંકલ્પ-શક્તિને સક્રિય કરતી હોય છે.''

''હા, અભીપ્સા એવી હોવી જોઈએ કે તમે તમને વધારે સારી રીતે જાણો અને સમજો અને તેની દ્વારા પોતાની જાત ઉપર વધારે ને વધારે પ્રભુત્વ મેળવો.''

- આ જ જીવનનું શાસ્ત્ર છે. આ જીવનનું શાસ્ત્ર અનુસરવા તમારે પ્રથમ વધુ ને વધુ સભાન બનવાનું છે. અભાન રીતે, વગર સમજે ક્રિયા કરવાની આપણી સર્વ સામાન્ય ટેવ બદલવી પડશે. સદા જાગૃત અને સભાન રહેવાની ટેવ પાડવી પડશે. અન્યનાં પ્રભાવ નીચે આવી અનિચ્છાએ કામ કરવાની આપણી ટેવ આપણે બદલવી પડશે.

- આપણે વ્યવહારિક રીતે કહેવાતી જાગૃત અવસ્થામાં પણ સૂતાં જ હોઈએ છીએ. સદા જાગૃત રહેવા માટે તમારું સ્વભાનતાનું એન્ટેના સતત ચાલુ રાખવું જરૂરી છે. આપણે તદ્દન સ્વતંત્ર નથી જ. શક્તિઓનો, ચેતનાઓનો સતત એક અવિરત વિનિમય થતો હોય છે. તેમાંનું આપ એક કેન્દ્ર છો, જે બીજાને પ્રભાવિત કરે છે અને પોતે થાય છે. આવી પરિસ્થિતિમાં તમે જો થોડા ઘણા બેસાવધ બન્યાં તો તમારી ઉપર અનિચ્છનીય આંદોલનો પ્રભાવ નાખી દેશે. તેથી સતત જાગૃત રહેવાની જરૂર છે. નહિ તો આ ટોળાનો ચેપ તમને લાગીને તમે તેમની જેમ જ વર્તવા લાગશો. પોતાના સ્વરૂપનું સત્ય ટકાવવા તમારે જાગૃત રહેવાની જરૂર છે અને પોતાનાં સ્વામી બનવાનું છે.

## દીપાવલિની શુભેચ્છાઓ

અમારા માનવંતા સાધક-વાચકો, ચાહકોને, દાતાઓને આ દીપાવલિ જીવનમાં સાચી આધ્યાત્મિક સમજણ આપી જીવન કૃતાર્થ કરવાના સાધના માર્ગે દોરી જાય અને સાથે સાથે સાધનાના જ એક ભાગ તરીકે ભૌતિક અને આંતરિક જીવન પણ સુસંવાદી સમૃદ્ધ, આનંદમય, નિરામય અને શતાયુષી બને તેવી પ્રભુ ચરણે ભાવપૂર્ણ અભ્યર્થના સાથે દીપાવલિની શુભેચ્છાઓ.....

**- ટ્રસ્ટી મંડળ**

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## ગીતા આજે પણ જરૂરી

(પૃ.૬૬૦-૬૬૮)

**અવતરણો** - પ્રકરણ - ૨૧

૧ જે જીવંત દર્શન અને અનુભૂતિ ઉપર આ પદ્ધતિ રચાયેલી છે, તેનું સત્ય હજી પણ સંગીન છે. પૃ. ૬૬૦

૨ આધ્યાત્મિક જીવનની મુખ્ય ચાવીઓમાંની ઘણીખરી ગીતામાં મળી આવે છે. પૃ. ૬૬૧

૩ માનવ - જીવનના બધા કોયડાઓ, આપણું અસ્તિત્ત્વ સંકુલ છે, .....તેમાંથી ઉદ્‌ભવે છે તથા એનાં મૂળ તત્ત્વો તમોગ્રસ્ત દશામાં પડેલાં છે..... જે એના હેતુઓ અને પ્રક્રિયાઓનું શાસન કરે છે. તે શક્તિઓ ગુપ્ત છે..... તેમાંથી એ પ્રશ્નો જન્મે છે.પૃ. ૬૬૨

૪ માનવનું અસ્તિત્વ ત્રણ તાણાનો પટ છે. પૃ. ૬૬૩

૫ જડ તત્ત્વ અને પ્રાણ એ બે એના પ્રત્યક્ષ પાયારૂપ છે..... સ્થૂલનો અને પ્રાણનો નિયમ એટલે જીવન ટકાવવાનો..... કામનાનો, અહંના પોતાના આગ્રહી વિધાનોનો અને સંતોષનો છે..... છતાં માનવ જે કાંઈ છે તે સઘળું એ બેમાં સમાઈ જતું નથી. પૃ. ૬૬૩-૬૬૪

૬ વધારે નિકટપણે માનવ એક મન છે..... મન બુદ્ધિપ્રધાન, સૌંદર્યગ્રહણ કરનારું, નૈતિક, ચૈતસિક, ભાવપ્રધાન અને ક્રિયાત્મક બુદ્ધિની શક્તિવાળું છે. પૃ. ૬૬૪

૭ જીવનની સમગ્ર વાસ્તવિકતાની ચાવી મન પાસે નથી. એ ચાવી મનથી કોઈ વધારે મહાન વસ્તુમાં, કોઈ અજ્ઞાત તત્ત્વમાં આપણે શોધવી જોઈએ. પૃ. ૬૬૫

૮ પોતાના નિરપેક્ષ આદર્શોનું અનુસરણ કરવા જતાં ઘણીવાર મન એ ઊર્ધ્વમાં રહેલા તત્ત્વ સાથે સંપર્કમાં આવે છે..... એ વસ્તુને આપણે ઈશ્વર, આત્મા અથવા તો બ્રહ્મ કહીએ છીએ. પૃ. ૬૬૬

૯ તેથી આધ્યાત્મિકતાનાં અઠંગ નિરપેક્ષવાદી પણ જોવા મળે છે. પૃ. ૬૬૬

૧૦ આત્માની નિરપેક્ષ એકતાનું જ સત્ય જીવનના પાયામાં રહેલું છે. તેને બુદ્ધિની

**અને સંકલ્પશક્તિની અનુમતિ મળતાં એ વસ્તુઓને એમનો સૌથી વિશાળ, પ્રકાશમય પાયો મળી જાય છે. પૃ. ૬૬૭**

**૧૧ અત્યારના માનવના માનસમાં સમષ્ટિની પ્રગતિ માટે જે આગ્રહી માગણી છે તેની એમાં (જૂની આધ્યાત્મિકતામાં) ગણતરી થએલ નથી. પૃ. ૬૬૮**

**૧૨ ગીતા સાદ કરે છે..... સંપૂર્ણ સર્વાંગી આધ્યાત્મિક જીવનને માટે લાયક હોય એવી વ્યક્તિને..... બાકીના લોકો માટે ગીતા ધીમી પ્રગતિ કરવાનો ઉપાય સૂચવે છે (સ્વધર્મપાલન). પૃ. ૬૬૮**

**૧૩ આપણી પ્રકૃતિનાં સર્વે અંગોમાં પ્રભુ વડે આવિષ્ટ અને પ્રભુ જેવા આપણે થઈ રહેવું જોઈએ. પૃ. ૬૬૮**

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

સમાજ સતત વિકાસ પામતો હોય છે. સમાજરૂપી અરીસામાં જે સત્યનું પ્રતિબિંબ પડે તે સમાજ માટે ઉપયોગી અને જીવંત હોય છે. પણ સમાજ નવો વિકાસ સાધે તો તે જૂનું પ્રતિબિંબ કાલબાહ્ય અને નિરુપયોગી બની જાય છે. સત્યનું પ્રતિબિંબ એટલે સત્યના સંદર્ભમાં સમાજે રચેલી સામાજિક રૂઢિઓ, નીતિ-નિયમો-જીવન આદર્શો અને આધ્યાત્મિક વિચારો. તેથી આ બધાં કાલાંતરે નિરુપયોગી બની જતાં હોય છે.

ગીતા પાંચ હજાર વર્ષ પૂર્વે કહેવાએલી. શું તેમાં પડેલું સત્યનું પ્રતિબિંબ આજે યોગ્ય છે ? આ મૂળભૂત પ્રશ્ન છે. જો સત્યને જીવનદ્વારા અભિવ્યક્ત કરવાની તક મળી જાય તો તે સત્ય જીવંત રહે છે. તે પોતાની મેળે જીવનને અનુરૂપ પોતાનું સ્વરૂપ ગોઠવે છે. ગીતાનું સત્ય એ અર્થમાં જ જીવંત છે.

કોઈ પણ ગ્રંથનો પોતાનો વિશિષ્ટ દૃષ્ટિકોણ હોવાથી તેનું દર્શન મર્યાદિત બનવું સ્વાભાવિક છે. તેથી ગીતામાં સત્ય તારવતા તે મર્યાદાને આપણે વટાવીને બ્રહ્મને સત્ય સ્વરૂપે જ સ્વીકારવું પડશે. અર્થાત્ તે સત્ય હવે તે સમયના સમાજનાં ઢાંચામાં જે રીતે વ્યક્ત થએલું તેવું હવે શક્ય નથી તે સમજી લેવું પડશે. દા.ત. વર્ણાશ્રમ પદ્ધતિ હવે સમાજને નિરુપયોગી બની ગઈ છે, પણ ગીતાએ સત્યને જીવનમાં લાવવા જે પ્રયત્ન કર્યો છે તે દૃષ્ટિકોણ આજે પણ પ્રસ્તુત લાગે છે.

અર્જુન સામે આદર્શ-ક્ષત્રિય તરીકે યુદ્ધ કરીને અનીતિવાન અને

અત્યાચારીઓનો નાશ કરવાનો આદર્શ એક તરફ માગણી કરી રહ્યો હતો; બીજી બાજુ કુટુંબના સભ્ય તરીકે અને ગુરુજનોની આમન્યા તરીકે તેમ જ યુદ્ધ ન કરવાનો પણ આદર્શ ઊભો થયો હતો. બન્ને આંશિક-સત્યોને ધારણ કરીને જ રહ્યાં છે. આમાંથી કયું કર્તવ્ય વધારે શ્રેયસ્કર છે એ અર્જુનને મૂંઝવતો પ્રશ્ન છે.

માનવ-જીવન એ અનેક તત્ત્વોના સામૂહિક પરિણામ અને પ્રભાવ નીચે વિકસી રહ્યું છે. તે સંકુલ ઘટના છે. તેની ઉપર પાર્થિવતત્ત્વ, પ્રાણતત્ત્વ, મનોમયતત્ત્વ, ચૈતસિકતત્ત્વ અને આત્મિકતત્ત્વના પ્રભાવો પડીને જીવન પોતાના વિકાસની ગતિ નિશ્ચિત કરે છે. આ સ્થિતિ અર્જુન વખતે પણ હતી. આજે પણ છે તેથી અર્જુનનો કોયડો આજે પણ માનવ અનુભવે છે. તેને પણ બે આદર્શો વચ્ચે, બે ધર્મો વચ્ચે નિર્ણય લેવો પડે છે. તેથી તે કોયડો જીવંત અને પ્રસ્તુત લાગે છે.

ગીતાએ દરેક તત્ત્વ માટે એક આદર્શ આપ્યો છે તે સમજી લેવો તેથી જરૂરી છે :

૧ ભૌતિક જીવન જીવનારાને ગીતા જણાવે છે કે તને સહજ રીતે સમાજમાં જે કાર્ય મળ્યું છે તે તું નિષ્ઠાથી કરજે. તેથી તારી પ્રગતિ થશે. તેમાં ફળની આશા ન રાખતો. કર્તવ્યબુદ્ધિથી પોતાની ફરજ અદા કરજે (સ્વે સ્વે કણભ્યરતઃ સંસિદ્ધિં લભતે નરઃ).

૨ પ્રાણમય, ભાવનિક જીવન જીવનારને ગીતા જણાવે છે કે કામનાઓને સમાજના નૈતિક-ચોખટાનુસાર સંતોષ આપ (ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોસ્મિ ભરતર્ષભ). સમાજનાં નીતિનિયમો - ધર્મનાં બંધનો સ્વીકારી કામનાઓ ઉપર વિજય મેળવતા શીખ.

૩ માનસિક ચિંતક તરીકે જીવનારને ગીતા જણાવે છે કે તને આંતરિક રીતે જે માનસિક-આદર્શને કારણે સંતોષ થતો હોય તેને તું અનુસર, પણ એક વસ્તુ સમજી લે કે મનનો પ્રકાશ એ સ્વયં-પ્રકાશ નથી. તે ઉછીનો પ્રકાશ છે. મનની ઉપર પણ, તેથી પણ ચડિયાતા આદર્શો છે, જે વધારે વિશાળ અને સત્ય છે. મન ત્રિગુણોના પ્રભાવ નીચે આવી તે સત્ય-દર્શન પામતું નથી માટે ત્રિગુણાતીત થવાનો આદર્શ સામે રાખ (નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન).

૪ દેવી-દેવતાઓની ઉપાસનામાં રસ લેનારાં, થોડો ઘણો ચૈતસિક-સ્પર્શ પામેલાં લોકોને ગીતા જણાવે છે કે દેવી-દેવતા એ પરમ-તત્ત્વનાં જ વિવિધ આવિર્ભાવો છે, તેથી ધીમેધીમે પરમ-તત્ત્વને જાણવાનો પ્રયત્ન કર. (યે યથામાં પ્રપદ્યંતે તાં સ્તથૈવ ભજામ્યહમ્) અને દેવો - દેવીઓ છે તેમની મદદથી જીવનને જરૂર સમૃદ્ધ કરો પણ તેઓને મિત્ર અને સમાન માનો (પરસ્પરં ભાવયંતઃ શ્રેયં

પરમવાપ્સ્યથ).

૫ શુદ્ધ અધ્યાત્મવાદીઓને ગીતા જણાવે છે કે એક અખંડ, નિર્લેપ, નિષ્ક્રિય સત્ય છે. તે અનંતના પ્રદેશમાં જવાનો માર્ગ જરૂર છે, પણ જીવન દ્વારા તેને પ્રગટ કરવું પણ મહત્ત્વનું છે. તે ફક્ત નિષ્ક્રિયતા દ્વારા પૂરેપૂરું પ્રગટ નહિં થાય, કારણ તે અનંતસત્યની નિષ્ક્રિય સાથે સક્રિય બાજુ પણ છે. ફક્ત નિષ્ક્રિય સત્યને પ્રગટ કરવું એ અધૂરો યોગ ગણાશે. બન્નેને પ્રગટ કરવું એ જ પૂર્ણયોગ છે. નિષ્ક્રિય બાજુ અક્ષરપુરુષ દ્વારા પ્રગટ થાય છે. સક્રિય પાસું ક્ષરપુરુષ દ્વારા. આ બન્ને પુરુષોનો સંવાદમય રીતે ગોઠવવા બન્ને કરતાં ચડિયાતા ઉત્તમપુરુષની ચેતનામાં આરોહણ જરૂરી છે, તેથી તમારો અધૂરો આદર્શ છોડી આગળ વધો.

ગીતાનો આદર્શ છે, પુરુષતત્ત્વની દૃષ્ટિએ આપણા જીવનનાં બધાં જ તત્ત્વો દ્વારા પ્રભુને, પુરુષને પૂર્ણ, નિત્ય, શુદ્ધ સ્વરૂપે પ્રગટ કરવાં. (મન્મનાભવ મદ્‌ભક્તો મદ્યાજીમાં નમસ્કુરુ) (૬૫-૧૮)

પ્રકૃતિની દૃષ્ટિએ તે પ્રકૃતિનું રૂપાંતર કાર્ય બની જાય છે. ગીતાનો આદર્શ ખૂબ જ વિશાલ અને સર્વ - સમાવેશ છે. તેથી ગીતા આજે પણ ઉપયોગી છે અને જરૂરી છે.

---


કેન્દ્રનું નવું પ્રકાશન

**સાવિત્રી સાર**

ભાગ - ૧

(કેન્ટો ૧ અને ૨)

**લેખક : માનસિંહ ચાવડા**

પૃષ્ઠ : ૨૮૮ - હાર્ડ બાઉન્ડ - કિંમત : **૨૦૦.૦૦**

કેન્દ્ર દ્વારા પ્રસરિત થઈ ચૂક્યું છે.

વિવિધ કેન્દ્રો માટે - **૫૦%** ડિસ્કાઉન્ટ તેમજ વ્યક્તિગત માટે **૩૦%**

આગામી તા.૫ ડિસેમ્બર સુધી રાખેલ છે. પોસ્ટેજ ચાર્જ અલગ

આપનો ઓર્ડર સત્વરે નોંધાવો

**તંત્રી મંડળ**

: પ્રાપ્તિ સ્થાન :

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવાડ રોડ, રાજકોટ

# માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

(લેખ ક્રમાંક - ૧૭)

## જીવનના નિયામક તરીકે તર્ક - બુદ્ધિ

શ્રી અરવિન્દે આપણને સમજાવ્યું છે કે આદર્શ સમાજ એ સંસ્કારી સમાજ છે. પરંતુ સંસ્કારિતા માત્ર કેળવણી, જ્ઞાન-વિજ્ઞાનનો વિકાસ, ચીજ-વસ્તુઓનું ઉત્પાદન કે આર્થિક સમૃદ્ધિ પર આધાર રાખતી નથી. જીવનની નૈતિક અને સૌંદર્ય-પરાયણ બાજુઓ સંસ્કારિતાનું નિર્માણ કરે છે. શ્રી અરવિન્દે એમ સ્પષ્ટ કર્યું છે કે સૌંદર્ય અને નીતિવિહીન ભૌતિક સમૃદ્ધિ ધરાવતો સમાજ આર્થિક - બર્બરતા કે જંગલી - અવસ્થામાં જીવતો સમાજ છે.

શ્રી અરવિન્દ સાંપ્રત સમાજના અત્યંત મહત્ત્વના લક્ષણ તરીકે તેની તર્ક - પ્રધાનતાને આગળ ધરે છે. તેમના જણાવવા મુજબ વર્તમાન યુગની સૌથી વધુ વિકસિત શક્તિ એટલે લોકોની તર્ક-બુદ્ધિ. આ શક્તિના કારણે જ મનુષ્ય અન્ય પ્રાણીઓથી અલગ પડે છે. શ્રી અરવિન્દ સાથોસાથ એમ પણ સ્પષ્ટ કરી આપે છે કે માનવીની બહુર્મુખી પ્રતિભાના સર્જન માટે તર્ક-બુદ્ધિ ઉપરાંત તેની રસવૃત્તિ, સંવેદનશીલતા, સર્જકતા અને કલ્પનાશક્તિ જેવા ગુણો પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

શ્રી અરવિન્દ વ્યક્તિની તર્ક-શક્તિના તટસ્થ અને વિવેકપૂર્વકના ઉપયોગ પર ઘણો ભાર મૂકે છે. તેઓ કહે છે કે વ્યક્તિએ પોતાના જીવનને સમન્વયકારી અને આત્માભિમુખ બનાવવા સારુ તર્કશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનો રહે છે. તર્કશક્તિની મદદથી વ્યક્તિ કોઈ પણ કાર્યનું તટસ્થ વિશ્લોણ કરી શકે છે અને પોતાની જાતને બિનજરૂરી કાર્યોના પ્રવાહમાં તણાઈ જતી રોકી શકે છે. તાર્કિકતાની સહાયથી મનુષ્ય પોતાની ક્ષમતાઓ અને કાર્યોનું ઝીણવટભર્યું અવલોકન અને અધ્યયન કરી શકે છે. તે પોતાના જીવનના ધ્યેય કે આદર્શને નજર સમક્ષ રાખીને બિનજરૂરી કાર્યોનો ત્યાગ કરી શકે છે અથવા તેમાં સુધારણા કે પરિવર્તન પ્રયોજી શકે છે. તર્કની મદદથી તે ઘટનાઓ, બનાવો અને કાર્યોની આરપાર જોઈ શકે છે, એટલું જ નહીં; મનુષ્ય તર્કશક્તિની મદદથી કોઈપણ ઘટના, બનાવ અને કાર્યની પાછળના સત્યને શોધી શકે છે. આમ, શ્રી અરવિન્દના જણાવવા મુજબ, તર્કશક્તિ એ માનવીનો ઉમદા સેવક છે, પરંતુ તે વ્યક્તિના જીવનના નિયામક તરીકેની ફરજ પણ અદા કરી શકે છે કે કેમ તેને શ્રી અરવિન્દ ચર્ચાનો વિષય ગણે છે.

સાંપ્રત સમાજમાં તર્ક-શક્તિની બોલબાલા હોવા છતાં શ્રી અરવિન્દ આપણું ધ્યાન એ હકીકત તરફ દોરે છે કે મનુષ્યની તર્કશક્તિ અનેકવિધ અપૂર્ણતાઓ ધરાવે છે. આથી જ માનવી તેની તર્કશક્તિને ક્યારેક શંકાની નજરે પણ જુએ છે. તેને પોતાની તર્કબુદ્ધિની સર્વોપરિતામાં સંપૂર્ણ વિશ્વાસનો અનુભવ થતો નથી, એટલું જ નહીં પરંતુ ક્યારેક તે આ અંગે ભારોભાર અસંતોષનો અનુભવ કરે છે અને તેની સામે વિદ્રોહ પણ કરી બેસે છે. આથી જ શ્રી અરવિન્દના જણાવવા મુજબ માનવી અનેક કિસ્સાઓમાં તેની તર્કશક્તિની જગ્યાએ વધુ પ્રમાણમાં પોતાના અનુભવોને પ્રાધાન્ય આપવા પ્રેરાય છે. શ્રી અરવિન્દ કહે છે કે વ્યક્તિનું નિજી જીવન જે વિશાળતા અને ઊંડાણ ધરાવે છે તેને પહોંચી વળવા માટે માત્ર તર્કશક્તિની મદદ પૂરતી નથી. તર્કબુદ્ધિથી ઉપર રહેલા માનવ-મનની શક્તિ, વ્યક્તિનો અનુભવ અને તેની આત્મલક્ષિતા જીવનના અનેક સત્યોને ખોળી કાઢવા માટે વધુ સક્ષમ સાબિત થાય છે. શ્રી અરવિન્દના જણાવવા મુજબ, વ્યક્તિની નિજી, પ્રકૃતિદત્ત આત્મશક્તિ જ સર્વસત્તાધિશ છે. તર્કશક્તિ માત્ર તેનું સાધન હોઈ શકે, સ્વામી નહીં.

અલબત્ત, શ્રી અરવિન્દ તર્કને 'ઉપયોગિતા' સ્વરૂપે સ્વીકારે છે. પરંતુ તર્કનું આ સ્વરૂપનું કાર્ય પણ ચોક્કસ હદ સુધી જ કામ આપી શકે છે. જે રીતે અન્ય પ્રાણીઓ ચોક્કસ હદ સુધી જ સહજ-સ્ફુરણાથી કાર્ય કરી શકે છે, તે તર્કની બાબતમાં પણ સાચું છે. એક મર્યાદા પછી તર્કશક્તિ અસહાય બની જાય છે. તર્કશક્તિ સાધન તરીકે જ્ઞાન-પ્રાપ્તિના વિષયમાં ઉપયોગી છે. પરંતુ જ્ઞાનનો વિકાસ જ્યારે માત્ર જ્ઞાન-પ્રાપ્તિ માટે જ કરવાનો હોય ત્યારે પણ તર્કશક્તિ મર્યાદિત સ્વરૂપમાં જ પ્રયોજી શકાય છે. જ્યારે તાર્કિકતાનો ઉપયોગ અગાઉથી જ નક્કી કરેલા મત, અભિપ્રાય કે વિચારને અનુમોદન આપવા માટે કરવામાં આવતો હોય, ત્યારે આવી તાર્કિકતા વસ્તુના સત્ય સાથે અથડાઈ પડે છે. ઉપયોગિતાવાદી માનવી જ્યારે તેના તર્કની મદદથી કોઈ સત્યનો સ્વીકાર કરે છે ત્યારે તે ખરાં સ્વરૂપનું સત્ય હોતું નથી. તાર્કિકતાએ વિકૃત બનાવી મૂકેલા સત્યનો તે સ્વીકાર કરે છે. ખરું સત્ય ઉપયોગિતાવાદી તર્કની પહોંચ બહારનું હોય છે, તેમ શ્રી અરવિન્દે આપણને સમજાવ્યું છે. શ્રી અરવિન્દે તાર્કિકતાની આ અપૂર્ણતા તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે અને સ્પષ્ટ કરી બતાવ્યું છે કે અનેક કિસ્સાઓમાં વ્યક્તિ પોતાના સ્વાર્થી વિચારોને જીવનના સત્યમાં ખપાવી દેવાની કોશિષ કરે છે અથવા તો પોતાની પરંપરાગત વિચારો અને સંસ્કારોનો શિકાર બનેલો હોય છે, કે પોતાની ટેવોનો માત્ર દાસ અથવા ગુલામ હોય છે. આવી વ્યક્તિનો સ્વાર્થ પૂરો થવાથી કેટલોક સમય તેની બોલબાલા કે વાહવાહ પણ સાંભળવા મળે છે, પરંતુ થોડા સમય બાદ આ જ વ્યક્તિ નિરાશામાં સરી પડે છે.

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Savitri B-1, C-3 P 37

## પ્રભુનું માર્ગદર્શન

પ્રકરણ - ૯૮

અશ્વપતિનો અચેતનમાં પ્રવેશ એ તો પ્રભુએ કરેલા શર-સંધાન જેવું હતું. તીરનું અગ્ર જેમ દુશ્મનના શરીરની અંદર ઊંડે સુધી ખૂંપી જાય અને તેની પાછળ તીરનો પછવાડેનો ભાગ પણ ખેંચાતો જાય તેમ અશ્વપતિરૂપી અગ્ર ભાગની પાછળ પ્રભુની દિવ્ય-શક્તિઓનું સૈન્ય પણ અચેતનમાં પ્રવેશવા લાગ્યું. આ પ્રવેશ અશ્વપતિનો એકલાનો નહોતો. અશ્વપતિ તો પ્રભુના આયોજનનું અગ્ર હરોળમાંનું જાણે પ્યાદું હતું.

શ્રી અરવિન્દ જણાવે છે કે અશ્વપતિના અચેતનમાંના પ્રવેશ સાથે જ પરમ-પ્રભુનાં ગરુડોરૂપી દિવ્ય-શક્તિઓનું ટોળું પણ અવચેતનમાં ઊતરી પડ્યું. શ્રી અરવિન્દ ગરુડ પક્ષીને પ્રતીકરૂપે વાપરી રહ્યાં છે તેની પાછળ એક વૈદિક પરંપરા છે.

વેદકાળમાં દિવ્ય-શક્તિઓનાં સ્વરૂપો અને લાક્ષણિકતા દર્શાવવા ચિરપરિચિત રૂપકો જ વપરાતાં. દા.ત. ધેનુ, અશ્વ તેમ ગરુડ પણ વેદકાલીન પ્રતીક છે. ગરુડને જ સંસ્કૃતમાં 'તાક્ષર્ય' કહે છે. સ્વસ્તિનઃ ઈન્દ્રો..... આ મંત્રમાં તમને આ શબ્દ વપરાએલો મળશે. ગરુડ જેમ શત્રુઓ ઉપર અચાનક ઝડપ મારી તેને ઉપાડી પોતાનાં ગગન પ્રદેશ કે ગિરિ-પ્રદેશમાં જઈ સ્થિર થાય છે, તેમ દિવ્ય-શક્તિઓ જ્યારે અચાનક ગેરીલા પદ્ધતિથી અવચેતન અચેતનના શત્રુ પ્રદેશમાં પ્રવેશી તેમને હતાહત કરી નાંખે છે અને પાછી પોતાના દિવ્ય-ક્ષેત્રમાં પાછી વળી જાય છે; ત્યારે આવા મહાકાળીના ભાવ સાથે કાર્ય કરતી દિવ્ય-શક્તિઓને 'તાક્ષર્ય-ભાવે' કામ કરતી દિવ્ય-શક્તિઓ કહેવાય છે.

અહીં અશ્વપતિના નેતૃત્ત્વ નીચે આ મુજબનું કાર્ય થઈ રહ્યું છે, તેથી શ્રી અરવિન્દ અહીં હેતુપૂર્વક દિવ્ય-શક્તિઓને "Eagles of Omniscience" તરીકે વર્ણવે છે.

આ દિવ્ય-શક્તિઓનાં તીવ્ર ધસારાને કારણે જાણે અવચેતન અને અચેતનનો

અંધકારછાયો પ્રદેશ તેમણે ભાડાપટ્ટે લીધો હોય એવું દૃશ્ય સર્જાયું હતું ! આને કારણે તે અવચેતન અને અચેતનના પ્રદેશમાં જે જબરદસ્ત ઉથલાપાથલો થઈ તેના પડઘા પડવા લાગ્યા. દૈવી-શક્તિઓનાં તેજ લિસોટા તે પ્રદેશમાં દેખાયા તો સામેની બાજુ અવચેતન અચેતનની પણ વ્યૂહ રચનાઓની જાણે કર્ણોપકર્ણે વાતો ફેલાઈ.

ગત પ્રકરણમાં જણાવેલાં સારા-નરસાં સંસ્કારોની નવરચના એ તે ઘટનાનાં પ્રત્યક્ષ પરિણામસ્વરૂપ હતાં.

અશ્વપતિ પોતાની પ્રશાંતિ અનુભવતી ચેતનામાં આ બધી ઘટનાઓનાં સંવેદનો જાગતા જોઈ રહ્યો હતો. શ્રી અરવિન્દ લખે છે કે,

Thence stooped the eagles of Omni Science.
A dense veil was rent a mighty whisper heard;
Repeated in the privacy of his soul.

"Omni science" એટલે સર્વજ્ઞ પ્રભુ. દૈવી-શક્તિઓ તેના એક-એક પાસાં સ્વરૂપ છે. પણ તેનો અર્થ દૈવી-શક્તિઓ અપૂર્ણ છે એમ નથી. દૈવી-શક્તિનાં અગ્રભાગે એક પ્રબળ પાસું હોય છે અને બાકીનાં પાસાં તેની પાછળ જ ગૌણ રીતે કાર્ય કરતાં હોય છે. આ સત્ય દર્શાવવા જ ઉપનિષદોમાંનો મંત્ર છે કે પૂર્ણમદઃ પૂર્ણમિદમ્ - અર્થાત્ સર્વજ્ઞ પ્રભુ અને તેની દિવ્ય-શક્તિ સ્વરૂપ બન્ને પૂર્ણ જ છે. તેથી જ વેદો જ્યારે કોઈ પણ દિવ્ય-શક્તિની સ્તુતિ કરે છે, ત્યારે તે દિવ્ય-શક્તિને સર્વજ્ઞ પ્રભુ તરીકે જ આરાધે છે. સામાન્ય વિદ્વાનો આને 'બહુદેવવાદ' ગણે છે તેમ નથી. આ જ સાચી વિજ્ઞાનમય દૃષ્ટિ છે. અતિમનસ દૃષ્ટિ છે, જેમાં ભેદ, અભેદમાં વિરોધ નથી પણ પૂર્ણ સંવાદિતા છે. આને જ 'વાસુદેવ સર્વમિતિ'નો ભાવ કહેવાય છે.

અશ્વપતિને ચેતનાનાં ઊર્ધ્વ-ક્ષેત્રમાંથી સતત દિવ્ય-પ્રેરણાઓનું માર્ગદર્શન મળી રહ્યું હતું. તે ઊર્ધ્વનાં પ્રકાશથી ઝળહળતાં પ્રદેશની વિગતો અશ્વપતિ જાણી શકતો નહોતો. જાણે તેને માટે તે અદૃશ્ય જગતનાં પર્વત-શિખરો સમાન પ્રદેશ હતો. પણ તે પ્રદેશમાંથી જ અશ્વપતિનાં ચૈત્યપુરુષને વિજ્ઞાન-દીપ્ત પ્રેરણાઓ મળી રહી હતી. શ્રી અરવિન્દ લખે છે કે,

A wisdom - cry from rapt transcendences
Sang on the mountains of an unseen world;

તે ઊર્ધ્વ પ્રદેશને શ્રી અરવિન્દ "rapt" કહે છે, કારણ તે અગાધ પ્રશાંતિથી

છવાએલો પ્રદેશ છે. જાણે સ્વસભાન એકાગ્ર ચેતનાનો પ્રદેશ છે. સ્વલીન ધ્યાનસ્થ ચેતનાનો પ્રદેશ છે.

આ એવા દિવ્ય શબ્દો હતાં, દિવ્ય-શ્રુતિ હતી, દિવ્ય-આકાશવાણી હતી; જે સાધકની આંતરિક શ્રવણેન્દ્રિય જ સાંભળી શકે છે. શ્રી અરવિન્દ તેને "inner - listening" કહે છે. આવા આંતરિક સંદેશા અશ્વપતિને ભવિષ્યનું માર્ગદર્શન આપી રહ્યાં હતાં. અશ્વપતિની નિષ્ઠા અને શ્રદ્ધામાં જોમ પૂરી રહ્યાં હતાં. શ્રી અરવિન્દ લખે છે કે -

The voices that an inner listening hears
Conveyed to him their prophet utterances,

આવી શ્રુતિ અથવા શ્રવણની અનુભૂતિ સાથે અશ્વપતિને 'દર્શન' અને 'દૃષ્ટિ'ની પણ અનુભૂતિઓ આવી રહી હતી. આ દિવ્ય-શબ્દો શ્રુતિઓ, "words" અશ્વપતિની ચેતનામાં પ્રકાશની ઝળહળતી આભાઓ રચી જતાં તેની આંતરદૃષ્ટિને પ્રજવાળી જતાં હતાં. એ અર્થમાં કે તેઓ ઉત્ક્રાંતિની ગૂઢ પ્રક્રિયાઓના રહસ્યોને ઉકેલી સ્પષ્ટ કરી દેતાં હતાં. ઉત્ક્રાંતિની આંતરિક પ્રક્રિયાઓ બાબત નવું, સાચું અને સ્પષ્ટ જ્ઞાન અને સમજણ આપી જતાં હતાં. શ્રી અરવિન્દ પોતે જ "immortal word" શા માટે કહે છે, તેનો જવાબ તત્કાલીન બીજી જ પંક્તિમાં આપે છે - તે શબ્દો ગૂઢ જ્ઞાનની સમજણની જાણે પ્રકાશ દીપ્તિઓ હતી, જવલંત ઝાંખીઓ હતી. શ્રી અરવિન્દ જણાવે છે કે -

And flame-wrapt outbursts of the immortal word;
And flashes of an occult - revealing Light
Approached him from the unreachable secrecy.

ઉપર મુજબની સમજણ ઊર્ધ્વમાંનાં ગૂઢ-ક્ષેત્રમાંથી પોતાની મેળે જાણે ઊતરી આવતી હતી. તેમાં અશ્વપતિના પુરુષાર્થ કરતાં પ્રભુની કૃપા જ વધારે ભાગ ભજવી રહી હતી.

અશ્વપતિમાં હવે આવું ગૂઢ પણ સત્યજ્ઞાન પોતાની મેળે પ્રગટ થવાની ગુપ્તગંગાનાં વહેણ વહેવા શરૂ થઈ ગયા હતાં. તેના હૃદયમાં સતત આવા અવનવા દિવ્યજ્ઞાનનાં અવતરણો થતાં હતાં. તેની વાણી આવાં આંતર-સ્ફુરણાઓથી ભરેલી રહેતી અને તે ક્ષમતા હવે કાયમી સ્વરૂપની થઈ ગઈ હતી. તે માટે શ્રી અરવિન્દ જણાવે છે કે જાણે તેના હૃદય સિંહાસનનો તેમણે કબજો લીધો હતો ! આ આંતરિકજ્ઞાનના પ્રવાહો, જેને વેદોમાં

'સ્વર્ગીય નદીઓના પ્રવાહો' તરીકે વર્ણવવામાં આવે છે, જેને મા સરસ્વતીનું કાર્ય કહેવામાં આવે છે અને જણાવવામાં આવે છે કે 'સચેયતિ કેતુના' અર્થાત્ મા સરસ્વતી સાધકનાં ચિત્તને કોઈક ચિહ્ન કે ચાવીરૂપ અનુભૂતિ આપીને સચેત કરી દેતી હોય છે અને પછી તે સાધકની પ્રજ્ઞા તે ચાવીરૂપ અનુભૂતિનાં (કેતુના) જોરે તે સમગ્ર જ્ઞાન હસ્તગત કરી લેતો હોય છે.

આવી રીતે જે જ્ઞાન બુદ્ધિથી મેળવવામાં સંપૂર્ણ વરસ વીતી જાય તે જ જ્ઞાન અશ્વપતિને આંતરપ્રજ્ઞાથી થોડીક ક્ષણોમાં મળી જતું હતું. શ્રી અરવિન્દ લખે છે કે -

An inspired knowledge sat enthroned within
Whose seconds illumined more than reason's years;

અશ્વપતિને એમ લાગતું હતું કે તેના હ્દયપ્રદેશમાં જાણે એક તેજોલેશ્યાનું કિરણ કોઈ ગૂઢ વસ્તુ ઉપર એકાગ્ર થઈ તે તરફ  અશ્વપતિનું ધ્યાન ખેંચતું હતું. જાણે તે Pointer - beam બની અશ્વપતિને કોઈક સત્ય સમજવા માર્ગદર્શન આપી રહ્યું હતું અને તે એકાગ્ર વલય ફક્ત તે સત્યનાં એક જ અંશને જ દર્શાવતું નહોતું. પણ આકાશમાં પથરાયેલાં અજવાળાં જેમ નીચે ધરતીના ઘણાંબધાં પ્રદેશને પ્રકાશિત કરીને જણાવી દે તેમ, સત્યનો પેલો અંશ સમગ્ર સત્યને પ્રજ્ઞાના પ્રકાશમાં અજવાળી દેતો હતો. તે અજવાળાને કારણે અશ્વપતિનાં ચિત્તમાં તરત, શીઘ્રગતિથી આંતર-પ્રેરણા સભર વિવેકબુદ્ધિ જાગી જતી અને હાલની પરિસ્થિતિમાં કયો માર્ગ સ્વીકારવો તેની તેને આંતરસૂઝ પ્રાપ્ત થતી.

અશ્વપતિ આ રીતે અવચેતન અને અચેતનનાં પ્રદેશમાં શીઘ્રગતિથી વધારે ને વધારે ઊંડે ઊતરી રહ્યો હતો. તે પૂર્ણ આશ્વસ્ત હતો, કારણ તેને પ્રભુનું પ્રત્યક્ષ માર્ગદર્શન મળી રહ્યું હતું. નિર્ભય અશ્વપતિએ પોતાનું અગોચર સાહસ ચાલુ રાખ્યું. શ્રી અરવિન્દ લખે છે કે -

An ictus of revealing luster fell
As if a pointing accent - upon Truth,
And like a sky - flare showing all the ground.
A swift intuitive discernment shone.

અશ્વપતિએ પ્રજ્ઞાના અજવાળામાં પોતાનાં સાહસને ચાલુ રાખ્યું, કારણ પ્રભુનું માર્ગદર્શન તેને હાથવગું હતું. તેની help-line જીવંત અને સમર્થ હતી.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૧૭

### અવતરણો

(ભા-૧, પૃ ૩૫૬-૫૫૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ કામના વગરનો પ્રાણ પણ હોઈ શકે છે. પૃ.૩૫૬

૨ પ્રાણમય પુરુષમાં વિશ્વરૂપ પ્રકૃતિ પ્રવેશ કરીને કામનાઓ ઉત્પન્ન કરે છે અને..... વ્યક્તિગત પ્રકૃતિ તરીકે પ્રત્યુત્તર આપે છે. પૃ.૩૫૬

૩ વ્યક્તિનું મન જ્યાં સુધી પોતાની વ્યક્તિતામાં પુરાએલું હોય છે ત્યાં સુધી તે વૈશ્વિક-સંકલ્પનાં કાર્યને સમજી શકતું નથી. પૃ.૩૫૭

૪ જ્યારે માનવ વૈશ્વિક-ચેતનામાં પ્રવેશે છે ત્યારે જ તે કાર્ય કરતા બળોને - કઈ રીતે તેઓ કાર્ય કરે છે, કોના ઉપર તેઓ કાર્ય કરે છે તે જોઈ શકે છે. પૃ.૩૫૭

૫ એવી કોઈ અવિદ્યા નથી જે વૈશ્વિક અવિદ્યાનાં ભાગરૂપ ન હોય; વ્યક્તિમાં તે એક મર્યાદિત રચના અને ગતિ બને છે. પૃ.૩૫૭

૬ (વૈશ્વિક અવિદ્યા) એવી નિમ્ન પ્રકારની ગતિમાં પહોંચી છે જ્યાં સત્યની વિકૃતિ થએલી છે. પૃ.૩૫૭

૭ વૈશ્વિક સત્ય એક એવી વિશ્વરૂપ ચેતનાનું વિશ્વ વિશેનું દૃષ્ટિબિંદુ છે, જેમાં વસ્તુઓ તેમના મૂળ તત્ત્વમાં દેખાય છે અને તેમનો પરમાત્મા સાથેનો સાચો સંબંધ કેવો છે અને એકબીજા પ્રત્યે પણ કેવો સંબંધ છે તેને જાણે છે. પૃ.૩૫૭

૮ વૈશ્વિક સત્ય - વસ્તુઓની વિશ્વમાં હાલની અભિવ્યક્તિ છે. પૃ.૩૫૮

૯ દિવ્ય સત્ય વિશ્વથી સ્વતંત્ર છે. પૃ.૩૫૮

૧૦ યોગીઓની અનુભૂતિઓ આધ્યાત્મિક અનુભૂતિ હોય છે. (આધ્યાત્મિક એટલે) શક્તિઓની લીલા, આત્માની સાથેના સંબંધ..... વગેરેના દેખાવની પાછળ રહેલી વાસ્તવિકતા.

આવેગો, વાસનાઓ, ભાવનાઓનો જથ્થો એટલે પ્રાણ નથી. આ બધાંનો સદંતર અભાવ હોવા છતાં પ્રાણનું શુદ્ધ અસ્તિત્વ હોય છે. તે આત્મતત્ત્વની સ્વયં બાબતની સભાનતા સ્વરૂપ હોય છે. પોતાના શુદ્ધ અસ્તિત્વનો આનંદ ભોગવવો એ પ્રાણતત્ત્વની મૂળભૂત ખાસિયત છે.

વિશ્વપ્રકૃતિમાંથી આવતા વાસના, આવેગો કે ભાવનાનાં પ્રકાશમય તરંગો અથવા આંદોલનો વ્યક્તિનાં શાંત પ્રાણમાં હલચલ મચાવે છે, તે જ આપણે ભાવનાઓ કે વિકારો તરીકે અનુભવીએ છીએ. પણ આ સ્થિતિનું નિવારણ કરી શકાય છે. પ્રાણમય પુરુષ જો મજબૂત હોય તો તે દૃઢ નિર્ધારથી આવા બહારથી આવતા પ્રકાશમય આંદોલનોને પોતાનાં વિસ્તારમાં ખલેલ પાડ્યાં વગર પસાર કરી દઈ શકે છે. પંતજલિ આને જ 'ચિત્તવૃત્તિ નિરોધ' તરીકે વર્ણવે છે. આ સ્થિતિ વ્યક્તિને નિર્લેપતા, અચલતા, અક્ષુબ્ધતા તરીકે અનુભવાય છે. આવી સ્થિતિમાં પ્રાણમય પુરુષની પોતાની પ્રાણમય પ્રકૃતિ શાંત, સ્થિર અને શુદ્ધ પ્રકાશમય રહેતા શીખે છે. આવી સ્થિતિને કારણે તે પ્રાણમય પ્રકૃતિ ઊર્ધ્વમાંનાં દિવ્ય-આંદોલનો સ્વીકારી પોતાનું દિવ્ય-રૂપાંતર કરી શકે છે. આવી રીતે પ્રાણમય પુરુષ પોતાની પ્રકૃતિને દિવ્ય-બનાવી શકે છે.

પુરુષ-તત્ત્વ જે ચૈત્યપુરુષ, મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ અથવા પાર્થિવ-પુરુષ તરીકે આપણી ચેતનાનાં જુદા જુદા સ્તરે પ્રગટ થયો છે તેણે પોતાની આજુબાજુ પોતાને અનુરૂપ ચૈતસિક, મનોમય, પ્રાણમય કે સૂક્ષ્મ પાર્થિવ પ્રકૃતિનું ક્ષેત્ર અથવા પર્યાવરણ રચેલું હોય છે. તેને જ શાસ્ત્રો ક્રમશઃ વિજ્ઞાનમય કોષ, મનોમય કોષ, પ્રાણમય કોષ અને પાર્થિવ કોષ (અન્નમય કોષ) વગેરે નામથી ઓળખે છે. જીવાત્માની પ્રકૃતિ આનંદમય હોય છે તેથી તેના કોષને આનંદમય કોષ કહે છે.

પુરુષ-તત્ત્વમાં જન્મજાત આ સર્વ કોષોની બનેલી વ્યક્તિગત પ્રકૃતિ ઉપર અધ્યક્ષ અનુમંતા, કર્તા, ભોક્તા તરીકે કાર્ય કરવાની ક્ષમતા છે એમ ગીતા જણાવે છે. વિશ્વપ્રકૃતિમાંથી આવતાં આંદોલનો પુરુષ-તત્ત્વ પોતે જ લે છે. જેમ તે વધારે પ્રગત અને સમર્થ બને છે તેમ તેમ તેનાં ઉપરોક્ત કાર્યો વધારે સ્પષ્ટ અને સ્વતંત્ર બનતાં જાય છે. જ્યાં સુધી તેની પ્રગતિ નબળી હોય ત્યાં સુધી તે પ્રકૃતિના ગુલામ તરીકેની જ છાપ ઉપસાવે છે.

રૂપાંતરથી દિવ્ય અથવા ઊર્ધ્વ-પ્રકૃતિ રચાતાં જ ઉપરનાં કામો પૂર્ણરીતે, સક્ષમરીતે પુરુષ તત્ત્વ કરી શકે છે.

વ્યક્તિ જ્યાં સુધી પ્રકૃતિની ગુલામ છે ત્યાં સુધી તે પ્રભુના સંકલ્પને સમજી શકતો નથી, કારણ તેની દૃષ્ટિ પોતાની પ્રકૃતિનાં ધારાધોરણોથી જ રંગાએલી અને રચેલી હોય છે. જ્યારે વ્યક્તિ વૈશ્વિક ચેતનામાં પ્રવેશે છે અને એ રીતે અહંકારની સંકુચિતતા અને પ્રકૃતિ પકડમાંથી મુક્ત થાય છે ત્યારે જ તે પ્રભુનો સંકલ્પ સમજતો થાય છે અને સાથેસાથે પોતાની પ્રકૃતિ ઉપર કાર્ય કરતાં વૈશ્વિક બળોનાં કાર્યને યર્થાથરીતે સમજી શકે છે. આ વખતે જ તેને વૈશ્વિક આત્મા, વૈશ્વિક મન, વૈશ્વિક પ્રાણ અને વૈશ્વિક પાર્થિવતત્ત્વની ઝાંખી થવા માંડે છે. આ વૈશ્વિક-ચેતનામાંથી જ વિશ્વના સાચા સ્વરૂપનું દર્શન થાય છે, જેને વૈશ્વિક-સત્ય કહી શકાય. તેનો પરમાત્મા સાથેનો સંબંધ પણ સ્પષ્ટ રીતે સમજાય છે, પણ આ વૈશ્વિક સત્યનો વૈશ્વિક અવિદ્યા પણ એક અંશ છે. પ્રભુનાં એકમાત્ર રૂપમાંથી અનંતરૂપો કરવાનું દિવ્ય કાર્ય તેને આપેલ છે, તે વૈશ્વિક અવિદ્યાનો જ એક ફાંટો અથવા અંશ વ્યક્તિ સ્વરૂપમાં પ્રવેશીને રહેલ છે. તે પોતાના સ્વરૂપમાં જ મર્યાદિત રૂપ અને ગતિવિધિ નિર્માણ કરે છે. તેના લીધે જ અહંકાર રચાય છે અને વ્યક્તિ-ચેતના તરીકે તે પ્રગટ થાય છે, જે ખરેખર તો પ્રભુનાં આવા અનંતરૂપોમાંનું તે એક રૂપ હોય છે. નીચે તે વિશ્વપ્રકૃતિ અને વિશ્વાત્મા સાથે જોડાએલું જ રહે છે, પણ તેની તેને જાણ હોતી નથી. તેને તે પોતાના અવચેતન અને અચેતનના પ્રદેશ જેવો અભાન ખૂણો લાગે છે.

વૈશ્વિક-સત્ય એ પણ પરમ-ચેતના તો નથી જ. તે પરમાત્માની હાલની વૈશ્વિક-સ્તરની અભિવ્યક્તિ સ્વરૂપ હોય છે. મૂળ પરમાત્મા અથવા દિવ્ય - સત્ય તો આ વૈશ્વિક સત્યથી ઊર્ધ્વમાં સ્વતંત્ર રીતે બિરાજતું હોય છે.

યોગીઓને પોતાની અનુભૂતિમાં આ બધું સમજાતું હોય છે, તેથી જ તેને આધ્યાત્મિક અનુભૂતિ કહે છે. તેમાં યોગીને વૈશ્વિકશક્તિઓની ગતિવિધિઓ અને તે પરમ-ચેતનાને વધુ સારી રીતે પ્રગટ કરવા કેવી રીતે મથી રહી છે તેનું જ્ઞાન હોય છે. તેને પોતાનાં પુરુષ અને પ્રકૃતિ પાછળ રહેલ સમગ્ર સત્યનો, વિશ્વાતીત સત્યનો પણ ખ્યાલ આવે છે. તેમાંથી જ જ્ઞાન, પ્રકાશ, શક્તિ આનંદ પ્રગટ થતાં હોય છે.

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

(પૃ.[illegible])

## ભારતીય રાષ્ટ્રીયતા

પ્રકરણ - ૨૦

૧ ભારતીય સભ્યતાએ એક પ્રશંસનીય રાજકીય પદ્ધતિનો વિકાસ સાધ્યો હતો. પૃ.૩૯૪

૨ છતાં તે તંત્ર ભારતના રાષ્ટ્રીય અને રાજકીય એકીકરણને સાધ્ય કરવામાં નિષ્ફળ નીવડ્યું. પૃ.૩૯૪

૩ ભારતીય સિદ્ધિની વાર્તામાં ક્યાંય જગત ઉપર આધિપત્ય જમાવવાનું..... જણાશે નહિ. પૃ.૩૯૬

૪ (યુરોપની પ્રજાઓ) તેમની સાંસ્કૃતિક એકતા ભારતની પ્રાચીન આધ્યાત્મિક અને સાંસ્કૃતિક એકતા જેટલી વાસ્તવિક તેમ જ પૂર્ણ કદાપિ જણાઈ નથી. પૃ.૩૯૭

૫ (યુરોપના) તેમના જીવનનો પાયો તેમનાં રાજકીય અને આર્થિક જીવન પર રચાયો હતો. પૃ.૩૯૭

૬ (પ્રાચીન ભારતની પ્રજાઓને) તેમને આધ્યાત્મિક સંસ્કૃતિ સંપન્ન એક બૃહદ્ જાતિમાં રહેલા ઉપજાતિ સમૂહરૂપે ગ્રહણ કરી શકાય. પૃ.૩૯૮

૭ ભારતીય માનસનો આ પાયો તેનું આધ્યાત્મિક અને આંતરિક વલણ છે. પૃ.૩૯૮

૮ ન્યાય પુરઃસર એમ ન કહી શકાય કે ભારતીય માનસના અવ્યવહારુ વલણની એ સાબિતી હતી કે ભૂલ હતી. પૃ.૩૯૯

૯ મહાન ઋષિઓ અને સ્થાપકોની આંતરસૂઝ સ્વસ્થ હતી. પૃ.૩૯૯

૧૦ આખરે તો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક એકતા એ જ કાયમી એકતા છે. પૃ.૩૯૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પાશ્ચિમાત્ય આલોચકો ભારતીય સામાજિક અને રાજકીય પ્રણાલીના સિદ્ધાંતોને મહાન ગણાવવાનું કબૂલ કરે છે, પણ ભૌતિક અને વાસ્તવિક જીવનમાં તે નિર્માલ્ય, નબળી, નિષ્ફળ અને નિરર્થક નીવડી છે એમ જણાવે છે.

પણ આ વાસ્તવિકતા નહોતી. લોકશાહીનો વિકાસ ભારતમાં જ પ્રથમ થયો છે, ભલે તે નાના પ્રમાણમાં નગર રાજ્યો તરીકે કે ગણતંત્ર તરીકે. અને તે પરંપરા ઘણો લાંબો સમય ટકી છે - સિકંદર અને શકહુણોના હુમલાઓ સુધી. તે પછી સંરક્ષણ વ્યવસ્થા મજબૂત કરવા સામ્રાજ્યની કલ્પના વિકાસ પામી. પુરવંશીય પૌરવના સિકંદર સામેનાં પરાભવ પછી ચાણક્ય અને ચંદ્રગુપ્તના ઐતિહાસિક કાર્યમાં આ સ્પષ્ટ નોંધાએલું જ છે. ટીકાકારો ભારતીય રાજકીય - વિકાસ બાબતમાં નીચેની ટીકાઓ કરે છે :

૧ ભારતીય લોકો રાજકીય રીતે પરિપક્વ થયાં નથી.

૨ ભારતને રાષ્ટ્ર તરીકે એક મજબૂત એકમ તરીકે વિકસાવવામાં ભારતીય રાજતંત્ર નિષ્ફળ ગયું છે. ભારત સદા વિભાજીત જ રહ્યું છે.

૩ પરદેશી આક્રમણને તે ખાળી શક્યું નથી, તેથી આધુનિક ભારતને લાંબી ગુલામી ભોગવવી પડી છે.

૪ જીવનનો મૂળભૂત સિદ્ધાંત, સંઘર્ષ, આધિપત્ય અને નિજ-સ્વાર્થ છે. ભારતીય ઐહિક જીવન કરતાં પારલૌકિક જીવનની વધારે ફિકર કરતાં હોવાથી તે સંઘર્ષ, યુદ્ધ, આક્રમણ, અત્યાચાર, હિંસા, આતંકવાદ સામે નિષ્ફળ નીવડે છે.

સારાંશ, ભારતમાં રાજકીય-સામર્થ્ય જ નથી. આ બધી ટીકાઓનો નીચે મુજબ સણસણતો જવાબ આપી શકાય છે :

૧ મજબૂત રાષ્ટ્ર એટલે આક્રમક, સ્વાર્થી, બીજાને ગુલામ કરવા તાકાત ધરાવતું રાષ્ટ્ર આ જ ખ્યાલ હોય તો હિટલરના નાઝીવાદને આ લોકોએ આવકારવો જોઈએ. તેમની બધી કસોટીઓમાં તે પૂરેપૂરા ઊતરે છે, પણ તેમ થયું નથી એ શા માટે ? શું ઉત્તમ રાજ્ય - વ્યવસ્થાના તેઓ અન્ય ગુણધર્મો ગણે છે ? તો તે કયા ?

૨ ભારતીયો અન્યોને ગુલામ કરવામાં માનતા નહોતા. રાજ્ય-વિસ્તાર, શોષણ કે અત્યાચાર કરવામાં માનતા નહોતા, પણ ઉજ્જવળ અને આધ્યાત્મિક ભારતીય સંસ્કૃતને સમગ્ર જગતમાં ફેલાવવા તેમણે જરૂર પ્રયત્ન કર્યો છે. ‘કૃણ્વંતુ સર્વં આર્યમયં જગત’ એ તેમનો પ્રેરણામંત્ર હતો. આ વિસ્તાર શાંતિપ્રેરિત હતો. શું આ તેમનું કાર્ય યુરોપિયનો વખોડવા લાયક ગણે છે ?

૩ ભારતીયો જ્યાં ગયાં ત્યાંના થઈને રહ્યાં અને ત્યાં પોતાની સંસ્કૃતિનો વિકાસ કરતા રહ્યાં, સાથે ધર્મ, સ્થાપત્ય, કળા, સાહિત્ય, ભૂગોળ, ગણિત,

ખગોલશાસ્ત્ર અને વિશ્વશાસ્ત્ર (cosmology) યોગને સાથે લઈ ગયાં. આ ઘટના ત્યારે બની જ્યારે અન્ય રાષ્ટ્રોમાં હજી બર્બરતા હતી. શું આ તેમના સામર્થ્યનો પુરાવો નથી?

૪ ભારતીય નૌકાઓએ સમગ્ર જગતના સાગરો ખેડ્યા, વાણિજ્ય વ્યાપાર કર્યો, નૌકાદળ તૈયાર કરીને કોઈને ગુલામ બનાવ્યા નથી. શું આ તેમની રાષ્ટ્રીય અસ્મિતાનો પુરાવો નથી? ભારતીયોએ ભારતવર્ષ નિર્માણ કર્યું તે સંસ્કૃતિનાં જોરે, લશ્કરના જોરે નહિ. શું આ તેમની સભ્યતા અને સાચી સમાજ-વ્યવસ્થા નથી?

૫ રામાયણ, મહાભારતમાં શું બલાઢ્ય રાજ્યોનાં ઉલ્લેખો નથી ?મૌર્ય-સામ્રાજ્ય, ગુપ્ત - સામ્રાજ્ય, વિજયનગરનું રાજ્ય, મોગલ-સામ્રાજ્ય, શિવાજીનું હિંદુપદપાદશાહી, પેશ્વાઓનું રાજ્ય, ટીપુ સુલતાનનું રાજ્ય, શું આ રાજ્ય-વ્યવસ્થાઓ નહોતી?

ભારતનું ક્ષેત્રફળ યુરોપ ખંડ જેટલું વિશાળ છે. તેમાં અનેક જાતિઓ વસે છે પણ તે બધી જ જાતિઓએ સાંસ્કૃતિક એકતામાં રહીને પોતાનો વિકાસ સાધ્યો છે. તેમાંથી અલગ થવાનો વિચાર તેમણે કર્યો નહોતો. જાતિ અનુસાર રાષ્ટ્રનું ઝેર તો અંગ્રેજોએ વારસામાં આપેલું છે. તે ભારતીય સંસ્કૃતિની નિપજ નથી. યુરોપ ખંડમાં જેટલી જાતિ તેટલાં રાષ્ટ્રો નિર્માણ થયાં. તેઓ ખ્રિશ્ચન ધર્મ હેઠળ બધા આવ્યા છતાં તેમના જીવનનું કેન્દ્રિય ચાલક બળ, ધર્મ રહ્યો નથી પણ પોતાનું અલગ રાષ્ટ્ર જ રહ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિએ તેઓના ભૌતિક બાહ્ય-જીવનમાં યુરોપીય સમાનતા લાવી પણ તે સમાનતા ઉપરછલ્લી છે. હજી પણ ત્યાં રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સમસ્યાઓ છે જ. તેમનું રાજકીય જીવન અને આર્થિક-જીવન જ તેમના કેન્દ્રમાં રહ્યું છે. હવે ક્યાંક તેઓ રાષ્ટ્ર સમૂહ રચવા પ્રેરાયા છે પણ તે તો વિશ્વમહાયુદ્ધના કડવા અનુભવોના કારણે, આદર્શોનાં કારણે નહિ. રાષ્ટ્રસંઘ હજી લકવાગ્રસ્ત રહ્યો છે એ એક કટુ વાસ્તવિકતા જ છે.

ભારતીય દ્વીપકલ્પ વિશાળ છે. તેમાં અનેક જાતિ-ઉપજાતિ રહે છે; પણ તે બધી સાંસ્કૃતિક સમાન પ્રભાવ નીચે રહેવાથી એકબીજાની વૈરી, પ્રતિસ્પર્ધી કે દ્વેષી બનતી નથી. સહઅસ્તિત્ત્વમાં તેઓ માને છે, વિભિન્નતા તેમને એકતાનાં જ વિવિધ આવિર્ભાવો સમાન લાગે છે. તેમની ગોઠવણ વધારે સહજ, નૈસર્ગિક અને માનવતાવાદી છે કારણ તેનો આધાર આધ્યાત્મ છે, ભારતીય - સંસ્કૃતિ છે.

ભારતીય માનસ જ અધ્યાત્મવાદી છે. જીવનની અન્ય વસ્તુઓ તેની સામે

તેઓ ગૌણ માને છે. તેમને અધ્યાત્મના આવિર્ભાવનાં કારણો તરીકે અથવા સહાયક વસ્તુઓ તરીકે જોય છે. કેન્દ્રિય-સ્થાને અધ્યાત્મ અને ધર્મ જ રહ્યો છે, તેથી ભારતમાં પ્રથમ અધ્યાત્મ અને ધર્મ વિકાસ પામવો સ્વાભાવિક છે અને તેનાં અનુસંધાને ઇતર સંસ્થાઓ અને જીવનનાં પાસાં વિકસવા એ તે પછીની ઘટના બનવી પણ સ્વાભાવિક છે.

યુરોપીય માનસ કે પ્રથમ મજબૂત રાજ્ય - વ્યવસ્થા અને તેના આધારે પછી અધ્યાત્મ અને ધર્મનો વિકાસ એ કલ્પના જ ભારતીયો માટે પારકી છે. યુરોપમાં ધર્મ અને રાજ્ય સામસામે આવ્યાં તેનું કારણ યુરોપીય વિકાસમાં રાજ્યને મહત્ત્વ આપવામાં આવ્યું અને અધ્યાત્મને ગૌણ એ જ મૂળ કારણ હતું. બન્નેને સ્વતંત્ર અને અસંબંધિત માનવાની અથવા સમાન માનવાની તેમની ભૂલ હતી. જીવન આત્માની અભિવ્યક્તિ માટે જ છે, તો અધ્યાત્મને કેન્દ્રિય મહત્ત્વ આપવું પડશે એ નિશ્ચિત છે. ભારતમાં રાજ્ય અને અધ્યાત્મ વિરોધમાં આવ્યાં જ નથી. વિજયનગરના અથવા શિવાજીના પણ હિન્દુ રાજ્યમાં અન્ય ધર્મોને સ્થાન મળતું જ હતું. અકબરે ભારતીય સંસ્કૃતિનાં પ્રભાવ તળે સર્વ ધર્મોને સમાન લેખી તેમનું સાર તત્ત્વ 'દિને ઇલાહી'માં એકત્ર કરવાનો પ્રયત્ન કરેલ જ છે.

ભારતીય ઉપખંડમાં અનેક જાતિઓ, ઉપજાતિઓ, વનજાતિઓ હોવા છતાં તેમનું સાંસ્કૃતિક એકતાનાં બંધને જ તેમને શાંતિથી સાથે રાખ્યાં છે. ગ્રીસમાં પણ ગ્રીક-સંસ્કૃતિના નેજા હેઠળ અનેક જાતિઓ વિકસી છે, કારણ ગ્રીસમાં પણ આધ્યાત્મિક - પ્રવાહ જોરદાર રહ્યો હતો. તેથી ઊલટું રોમે રાજ્ય સંસ્થાને મજબૂત કરી કઠોર શિસ્તથી એકતા વિકસાવવાનો પ્રયત્ન કર્યો. રોમ નાશ પામ્યું, ઇટલી તે જ માર્ગે વધ્યું. તેનું પણ પતન થયું. હિટલરે જર્મનીમાં જર્મન - વંશના આધારે રાજ્ય સંસ્થા મજબૂત કરી અને વિશ્વયુદ્ધ નોતરી બેઠો.

યુરોપીય રાષ્ટ્રની કલ્પનામાં કઠોર શિસ્ત અને લશ્કરી તાકાતને જ મહત્ત્વ અપાય છે. ભારતની નમનીય એકતા તેમને નબળાઈ લાગે એ સ્વાભાવિક છે, પણ ભારતમાં બધી પરિસ્થિતિઓમાં ટકી રહીને જીવવાની જે ક્ષમતા છે એને નબળાઈ માનવી એ મહાભૂલ છે. યુરોપની દૃષ્ટિએ ભારત રાષ્ટ્ર નથી પણ ભારતીય દૃષ્ટિએ ભારત રાષ્ટ્ર જ છે, કારણ તે સામાજિક - આત્માને પ્રગટ કરવાનું સક્ષમ સાધન છે. ભારતની ચિરંજીવિતા એ જ તેના રાષ્ટ્ર તરીકેના વિકાસનો પુરાવો છે.

પાશ્ચિમાત્ય માનસને આ કબૂલ નથી તેથી ડરવાનું કોઈ કારણ નથી.

# સુંદર કથાઓ

- માતાજી

## સમજૂતી - માનસિંહ ચાવડા

## સબૂરી

(પેજ - ૯૭-૯૮)

**ઈરાનનો શાહ ઇસ્માઈલ સફવીએ ખોરાસાન દેશ ઉપર ચડાઈ કરી. તેને તરત વિજય મળ્યો. તે બાદ તે પોતાના દેશ લાવલશ્કર સાથે પાછો ફરી રહ્યો હતો. એક નાનકડા ગામ પાસેથી પસાર થઈ રહ્યો હતો. કોઈએ કહ્યું કે ત્યાંનો કવિ હાતિફી ખૂબ જ પ્રખ્યાત છે. રાજાને મળવાનું મન થયું પણ તે એકલો નીકળ્યો મળવા.**

**કવિના મકાનનો દરવાજો બંધ હતો, તેથી રાજા અતિઉત્સાહમાં વંડો ઠેકી બગીચામાં ઉતર્યો. કવિ ઘરમાંથી આ બધું જોઈ રહ્યો હતો, પણ આવનારનું વર્તન ચોર જેવું લાગ્યું નહિ. રાજાએ દરવાજો ખખડાવ્યો. કવિએ ખોલ્યો, કવિએ પ્રેમ અને આદરથી તેનું સ્વાગત કર્યું.**

**રાજાએ પોતાની ઓળખાણ, પોતે મેળવેલ વિજયની ઉત્સાહથી વાત કરી અને તેની ઉપર કાવ્ય લખવા સૂચવ્યું. કવિને પણ વિષય સારો લાગ્યો. તેણે વીર - કાવ્ય લખ્યું. રાજાએ તેને ધનદોલતથી નવાજ્યો.**

**હવે કલ્પના કરો, કવિએ રાજાને ચોર સમજી ઢીબી નાંખ્યો હોત તો શું થાત ?**

**સજાએ મોત. બીજું કાંઈ નહિ.**

**સમજ્યા વગર ઉતાવળે અભિપ્રાય ન બાંધો. ચકાસો, વિચારો પછી જ નિર્ણય લો.**

**- તો શું આપણે જિંદગીમાં ઉતાવળે નિર્ણય લેશું ?**

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## અક્ષર બ્રહ્મનો જાણકાર જ બ્રહ્મજ્ઞ

પ્રકરણ-૨૩ (બૃહદારણ્યક -૩-૮)

ગાર્ગી હવે શાંત થઈ ગઈ હતી છતાં તેને યાજ્ઞવલ્કયની અંતિમ પરીક્ષા લેવાની ઈચ્છા થઈ, તેથી તે ફરી ઊભા થયાં.

''હે ધર્મસભાના સભ્યો, હું મહર્ષિને હજી બે પ્રશ્નો પૂછવા માંગું છું. જો તેનો તેઓ સંતોષકારક જવાબ આપશે તો તેઓને તમારામાંથી કોઈ જીતી શકે એવી શક્યતા નથી અને આપણે તેમને સર્વ શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની તરીકે માન્ય રાખવા પડશે. શું આપને આ મંજૂર છે?''

બધા શ્રોતાઓ એકીઅવાજે બોલ્યા, ''કબૂલ કબૂલ'' તેથી ગાર્ગી મહર્ષિ તરફ વળ્યાં અને પૂછ્યું: ''મહર્ષિ, જે દ્યુલોકથી ઉપર પણ છે, જે પૃથ્વીથી નીચે પણ છે. જે દ્યુલોક અને પૃથ્વીની વચ્ચે પણ છે. દ્યુલોક અને પૃથ્વીનું સ્વરૂપ પણ જેણે ધારણ કરેલ છે, જે આ સ્થિતિમાં ભૂતકાળમાં હતું, વર્તમાન કાળમાં પણ છે અને ભવિષ્યકાળમાં પણ રહેવાનું જ છે, તે પોતે શું છે?''

''ગાર્ગી, તે આકાશ તત્ત્વ પોતે છે.''

''મહર્ષિ, તમારો જવાબ સાવ સાચો છે. હવે બીજો પ્રશ્ન. તે આકાશ શેમાં રહે છે?''

''ગાર્ગી, નિરાકાર, નિષ્ક્રિય આકાશ તેવા જ ગુણધર્મો ધરાવતા નિરાકાર, નિષ્ક્રિય અક્ષરબ્રહ્મમાં રહેલ છે. આ અક્ષરબ્રહ્મમાં જ નિરાકાર આકાશ અને સાકાર દ્યુલોક, પૃથ્વી અને બધાં જ ભૂતમાત્રો પણ રહેલાં છે. ગાર્ગી, આ અક્ષરબ્રહ્મને ન જાણનાર અનેક યજ્ઞો કરે, ઉપાસના કરે, તપ કરે તો પણ તે વ્યર્થ છે. જે અક્ષરબ્રહ્મને જાણે છે તે જ બ્રાહ્મણ - બ્રહ્મને જાણનાર કહેવાય છે.''

''મહર્ષિ, આપના જવાબથી મને પૂરેપૂરો સંતોષ થએલ છે. હે બ્રાહ્મણો, મને લાગે છે કે આપણે સહુએ મહર્ષિ યાજ્ઞવલ્કયને સર્વોત્તમ બ્રહ્મજ્ઞાની તરીકે નવાજવા જ જોઈએ. બ્રહ્મજ્ઞ એને જ કહેવાય છે જે ઓછામાં ઓછું અક્ષરબ્રહ્મને જાણે. પરબ્રહ્મ જે તેથી પણ ઉપર છે, તેને જાણનાર તો નિસંશય બ્રહ્મજ્ઞાની છે જ.''

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક કર્મકાંડ
## વૈશ્વદેવ યજ્ઞ (૫)

**૧ ૐ પ્રાણાપાન વ્યાનો દાન સમાના મે શુધ્યંતામ્।**
**જ્યોતિ રહં વિરજા વિપાપ્મા ભૂયાસં સ્વાહા॥**

મારા (**મે**) પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન પાંચે વાયુ શુદ્ધ થાઓ (**પ્રાણાપાનવ્યાનો દાન સમાના મે શુધ્યંતામ્**). હું (**અહં**) પવિત્ર (**વિરજા**) પાપરહિત (**વિપાપ્મા**) જ્યોતિસ્વરૂપ થવાની અભીપ્સા સેવું છું. (**જ્યોતિઃ ભૂયાસં**) હું તે જ્યોતિ સાથે એકરૂપ થાઉં છું (**સ્વાહા**).

**૨ ૐ પૃથિવ્યપ્તેજો વાપ્વાકાશ મે શુધ્યંતામ્।**
**જ્યોતિ રહં વિરજા વિપાપ્મા ભૂયાસં સ્વાહા॥**

મારા (**મે**) પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચે મહાભૂતો શુદ્ધ થાઓ. (**પૃથિવ્યપ્તેજો વાપ્વાકાશ શુધ્યંતામ્**) હું (**અહં**) પવિત્ર (**વિરજા**) અને પાપરહિત (**વિપાપ્મા**) જ્યોતિ સ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું (**જ્યોતિઃ ભૂયાસં**). હું તે જ્યોતિ સાથે એકરૂપ થાઉં છું (**સ્વાહા**).

**૩ ૐ શબ્દસ્પર્શરૂપરસ ગંધા મે શુધ્યંતામ્।**
**જ્યોતિ રહં વિરજા વિપાપ્મા ભૂયાસં સ્વાહા॥**

મારા (**મે**) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ બધાં જ સંવેદનો (**શબ્દ સ્પર્શરૂપ રસ ગંધા**) શુદ્ધ થાઓ (**શુધ્યંતામ્**). હું (**અહં**) પવિત્ર (**વિરજા**) અને પાપરહિત (**વિપાપ્મા**) જ્યોતિ સ્વરૂપ બનવાની અભીપ્સા સેવું છું (**જ્યોતિઃ ભૂયાસં**). હું તે જ્યોતિ સાથે એકરૂપ થાઉં છું (**સ્વાહા**).

**૪ ૐમન્નોવાક્કાય કર્માણિ મે શુધ્યંતામ્।**
**જ્યોતિ રહં વિરજા વિપાપ્મા ભૂયાસં સ્વાહા॥**

મારા મન, વાણી, શરીર, તેમ જ કર્મો શુદ્ધ થાઓ (**મનોવાક્કાય કર્માણિ મે શુધ્યંતામ્**).

હું (**અહં**) પવિત્ર (**વિરજા**) અને પાપરહિત (**વિપાપ્મા**) એવી જ્યોતિસ્વરૂપ

(**જ્યોતિઃ**) બનવાની અભીપ્સા સેવું છું (**ભૂયાસં**). હું તે જ્યોતિ સાથે એકરૂપ થાઉં છું (**સ્વાહા**).

**૫ ૐ અન્નમયપ્રાણમય મનોમય વિજ્ઞાનમય આનંદ મયાઃ મે શુધ્યંતામ્।**
**જ્યોતિરહં વિરજા વિપાપ્મા ભૂયાસં સ્વાહા॥**

મારા (મે) અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય (**અન્નમય..... આનંદમય**) બધા જ કોષો શુદ્ધ થાઓ. હું (**અહમ્**) પવિત્ર (**વિરજા**) પાપરહિત (**વિપાપ્મા**) જ્યોતિસ્વરૂપ (**જ્યોતિઃ**) બનવાની અભીપ્સા સેવું છું (**ભૂયાસં**). હું તે જ્યોતિ સાથે એકરૂપ થાઉં છું (**સ્વાહા**).

**૬ ૐ આત્મા મે શુધ્યંતામ્।**
**જ્યોતિરહં વિરજા વિપાપ્મા ભૂયાસં સ્વાહા॥**

મારો જીવ (આત્મા) શુદ્ધ થાઓ. હું (**અહમ્**) પવિત્ર (**વિરજા**) અને પાપરહિત (**વિપાપ્મા**). જ્યોતિ સ્વરૂપ થવાની અભીપ્સા સેવું છું (**જ્યોતિ ભૂયાસં**). હું તે જ્યોતિ સાથે એકરૂપ થાઉં છું. (**સ્વાહા**).

**૭ ૐ અંતરાત્મા મે શુધ્યંતામ્।**
**જ્યોતિ રહં વિરજા વિપાપ્મા ભૂયાસં સ્વાહા॥**

મારો (**મે**) અંતરાત્મા શુદ્ધ થાઓ, હું પવિત્ર (**વિરજા**) અને પાપરહિત (**વિપાપ્મા**) જ્યોતિસ્વરૂપ થવાની અભીપ્સા સેવું છું (**જ્યોતિઃ ભૂયાસં**). હું તે જ્યોતિઃ સાથે એકરૂપ થાઉં છું. (**સ્વાહા**)

**૮ ૐ પરમાત્મા મે શુધ્યંતામ્।**
**જ્યોતિરહં વિરજા વિપાપ્મા ભૂયાસં સ્વાહા॥**

મારું પરમાત્મતત્ત્વ શુદ્ધ થાઓ. હું પવિત્ર (**વિરજા**) પાપરહિત (**વિપાપ્મા**) જ્યોતિસ્વરૂપ થવાની અભીપ્સા સેવું છું. (**જ્યોતિ ભૂયાસં**). હું તે જ્યોતિ સાથે એકરૂપ થાઉં છું. (**સ્વાહા**)

**૯ ૐ આર્દ્રં જવલતિ જ્યોતિરહમસ્મિ । જ્યોતિ ર્જવલતિ બ્રહ્માહમસ્મિ ।**
**યોહમસ્મિ બ્રહ્માહમસ્તિ। અહમસ્મિ બ્રહ્માહમસ્મિ।**
**અહંમેવાહં માં જુહોમિ સ્વાહા॥**

મારા પ્રકાશવલયમાં પ્રકાશતી સૌમ્ય જ્યોતિ હું છું (**અહં આર્દ્રં જ્વલતિ**

**જ્યોતિરહમસ્મિ**). આ જે સૌમ્ય જ્યોતિ પ્રકાશી રહી છે તે જ બ્રહ્મચેતના સ્વરૂપ છે. (**જ્યોતિર્જ્વલતિબ્રહ્માહમસ્મિ**). આ જે પ્રકાશમય ચેતનાનું અનાકલનીય સ્વરૂપ છે તેવી જ હું બ્રહ્મચેતના છું. (**યોહમસ્મિ બ્રહ્માહમસ્મિ**). હું નિશ્ચત રીતે બ્રહ્મચેતના જ છું (**અહમસ્મિ બ્રહ્માહમસ્મિ**). હું જ આ વૈશ્વદેવયજ્ઞની પ્રક્રિયામાં મને જ મારામાં હોમી રહ્યો છું (**અહમેવાહં માં જુહોમિ સ્વાહા**).

આ રીતે વૈશ્વદેવયજ્ઞની આંતરિક પ્રક્રિયાઓથી નિર્માણ થએલાં ભાવોને પોતાના સ્વરૂપમાં સ્થિર કર્યા પછી તેવા બ્રહ્મચેતનાનાં ભાવમાં જ લીન થઈને શાંતિમાં સ્થિર થઈ જવાનું છે. આ પ્રક્રિયાને શાંતિમંત્રની પ્રક્રિયા કહે છે.

**ૐ દ્યૌઃ શાંતિરન્તરીક્ષં શાંતિઃ પૃથિવી શાંતિઃ આપઃ શાંતિઃ ઔષધયઃ શાંતિ વનસ્પતયઃ શાંતિઃ વિશ્વેદેવાઃ શાંતિઃ બ્રહ્મશાંતિઃ સર્વ ઓમ્ શાંતિરેવ શાંતિઃ સા મા શાંતિરેધિ ।।**

આંતર - ચક્ષુથી દેખાતો આ અસીમ પ્રકાશ મારામાં શાંતિ સીંચે (**દ્યૌઃ શાંતિઃ**). આ મારું તેજોવલય (**અંતરીક્ષ**) મારામાં શાંતિ સીંચે (**શાંતિ**), આ મારું ભૌતિક શરીરરૂપી પાર્થિવતત્ત્વ (**પૃથિવીઃ**) મારામાં શાંતિ સીંચે (**શાંતિઃ**), મારા શરીરની રક્ત-વાહિનીઓમાં વહેતાં પોષક દ્રવ્યોસ્વરૂપ રસાયનો (**વનસ્પતયઃ**) મારામાં શાંતિ સીંચે. આ સમગ્ર સૂર્યમાળાનું સંચાલન અને વિકાસ  કરતી દિવ્ય-શક્તિઓ સ્વરૂપ વિશ્વદેવો (**વિશ્વદેવાઃ**) મારા સ્વરૂપમાં શાંતિ સીંચે. તે પરમ-ચેતના સ્વરૂપ બ્રહ્મતત્ત્વ (**બ્રહ્મ**) મારા સ્વરૂપમાં શાંતિ સીંચે. બ્રહ્માંડમાંનાં બધાં જ સ્વરૂપો (**સર્વ**) મારા સ્વરૂપમાં શાંતિ સીંચે, સર્વત્ર શાંતિનું જ રાજ સ્થિર થાય (**શાંતિરેવ શાંતિઃ**); તેવી અગાધ અડગ પ્રશાંતિ, હે પ્રભુ, મને પ્રાપ્ત થાય (**શાંતિરેધિ**).

**ૐ તત્સત્ બ્રહ્માર્પણમસ્તુ।**

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

જે અનિર્વચનીય, અવર્ણનીય છે (તત્) અને છતાં અસ્તિત્વ ધરાવે છે (સત્) તેવા ૐ શબ્દથી વાચ્ય (ૐ) બ્રહ્મતત્ત્વને જ આ મારી પ્રજ્ઞાશક્તિને જાગૃત કરી દિવ્ય-શક્તિઓને ધારણ કરવાની પ્રક્રિયાસ્વરૂપ વૈશ્વદેવયજ્ઞનું ફળ અર્પણ કરું છું. (બ્રહ્માર્પણમસ્તુ) મારામાં ત્રિવિધ શાંતિ - શારીરિક, પ્રાણમય, માનસિક પરમ-ચેતના સ્વરૂપ ૐ માં સ્થિર થવાથી સ્થિર થાય.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ઑક્ટોબરનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

## સાધનામાંની મૂળભૂત ભૂલ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુ આ અમારું શરીર છે. અમે તે આપને, તેની સાચી કિંમત ઉપજાવવા અર્પણ કરીએ છીએ. આ શરીર આપનું સાધન છે, જેની દ્વારા તમે તમારું ધ્યેય અને ઉદ્દેશને સિદ્ધ કરી શકશો. પ્રભુ, અમે આપની સેવામાં જ છીએ.

પ્રભુ, આ અમારું મન છે. તે તમને સમર્પિત છે. તમને યોગ્ય લાગે તે રીતે તેનો આપ ઉપયોગ કરો. આપનું સંપૂર્ણતાનું સપનું પૂર્ણ કરવા જ તે નિર્માણ થયું છે.

પ્રભુ, આ અમારો આત્મા છે. અમે તેને જોઈ કે સ્પર્શી શકતા નથી પણ કોઈક વખતે અનુભવીએ છીએ. પ્રભુ, તેને સ્વીકારો. તેને કેવો ઘાટ આપવો એ તમે નિશ્ચિત કરો. તે તો આપના હાથમાં જાણે પ્લાસ્ટર ઑફ પૅરિસનો મૃદુ પિંડ માત્ર છે ?

પણ આવું વાસ્તવિક જીવનમાં થતું નથી. જીવનના હર ક્ષણે ઉપર મુજબ માગણી કરવી જોઈએ તેવી થતી નથી. ખરેખર તેવી પળો જવલ્લે જ આવે છે, જ્યારે આપણે આપના ચરણે પોતાને ધરતા હોઈએ છીએ અને આપના દયાળુ હાથે ઊંચકી આપની પ્રેમાળ આલિંગનની માગણી કરીએ છીએ. ઊલટાનું આપણે ઘણી માગણીઓ કરીએ છીએ. આપણા માટે, આપણા કુટુંબ માટે, મિત્રો માટે, આપણી મનોવસ્થા માટે, શરીર માટે અને આત્મા માટે. પણ આપણે તેને આ બધું સમર્પિત કરવાનું જ ભૂલી જઈએ છીએ. આ બધું પ્રથમ તો પ્રભુનું જ છે, એ જ ભૂલી જઈએ છીએ.

તો હવે આવા સમય આવી રીતે ગાફેલ રહેવું નથી જ. આત્મસાક્ષાત્કાર અને જાગૃતિનો સમય આવી પહોંચ્યો છે ! સાવધાન... શુભમુહૂર્તમ્ પ્રવર્તતે... !

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# હિંસા અને અહિંસા

પ્રકરણ - ૩

(ખંડ-૨, પૃ.૩૭-૩૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** મહાત્મા ગાંધીએ ગીતાને રૂપકાત્મક ગણી છે. પાપોનાં પ્રતીક કૌરવો, પુણ્યનાં પાંડવો; તેમનો સંઘર્ષ નૈતિક અને આધ્યાત્મિક સંઘર્ષ છે. ગીતા રાજકીય કે રાષ્ટ્રીય વાસ્તવિક મહાયુદ્ધને આલેખતી નથી. તે આધ્યાત્મિક સંઘર્ષનું જ વર્ણન છે?

**શ્રી અરવિન્દ :** ગીતામાં મરણ પામેલા સ્વજનો માટે શોક ન કરવાની વાત આવે છે. જો આ પાપના નાશની જ ઘટના ગણીએ તો કયો મૂર્ખ પાપના નાશ માટે શોક કરતો હશે, જેને તેવી સલાહ આપવાની જરૂર પડે!

વળી 'હન્યમાને શરીરે' આ શબ્દ શું પાપના શરીરના નાશની વાત લાગે છે? આ વાસ્તવિક ભૌતિક શરીરના નાશની વાત છે. સામાજિક-જીવનમાં હિંસા એક વાસ્તવિકતા છે.

**શિષ્ય :** મેં અમદાવાદના સાબરમતી આશ્રમના મારા મિત્રને 'ગીતા પર નિબંધો'નું છઠ્ઠું પ્રકરણ વાંચી સંભળાવેલું. તે કોઈ જવાબ ન આપી શક્યો.

**શ્રી અરવિન્દ :** પાપીઓના નાશ સિવાય પાપ ખાળી શકવું બધે જ શક્ય નથી. શ્રીકૃષ્ણે પોતે કૌરવોને સમજાવવાનો પ્રયત્ન કરેલો. વિદુરે પણ કરેલો. પણ ન ફાવ્યાં. તેથી અંતિમ અનિવાર્ય ઉપાય તરીકે યુદ્ધનો પર્યાય સ્વીકાર્યો, પરિસ્થિતિનુસાર 'અનિષ્ટ'નો અર્થ બદલાય છે. ઘણી વખત યુદ્ધ પણ ઈષ્ટ બની જાય છે.

સત્ત્વગુણને પણ અતિક્રમી જવાની વશિષ્ઠની વાત શ્રીકૃષ્ણ આ માટે જ કરે છે. ઘણી વખત સાત્ત્વિક બંધન વધારે ગંભીર દૂષણને આવકારે છે.

શ્રી અરવિન્દે આ સમજાવવા વશિષ્ઠની વાત કરેલી. વશિષ્ઠે કામધેનુની મદદથી વિશ્વામિત્રની સેનાની સરભરા કરી. વિશ્વામિત્રને લાગ્યું કે કામધેનુ તેના

જેવા રાજવીને જ લોક કલ્યાણ માટે મળવી જોઈએ. તેણે માંગણી કરી. વશિષ્ઠે ના પાડી, વિશ્વામિત્ર તેને બળજબરીથી લઈ જવા તૈયાર થયા. કામધેનુને જવું નહોતું. પણ વશિષ્ઠે વિશ્વામિત્રની સાથે સંઘર્ષની હામ ભીડી નહીં..... અંતે કામધેનુએ ચૈતસિક-શક્તિઓથી વિશ્વામિત્રના સૈનિકોનો સંહાર કર્યો.

અધ્યાત્મિક વ્યક્તિની સાત્ત્વિકતા પણ વધારે વિનાશ નોતરે છે. આધ્યાત્મિક વ્યક્તિએ પ્રસંગે પ્રતિકાર કરવો જ જોઈએ. પછી ભલે તે પ્રતિકાર શારીરિક હોય કે આત્મબળનો હોય.

શ્રી અરવિન્દે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન આત્મિક-બળથી માનવ સર્વનાશનો વિરોધ કરેલો. ઘણી વખત સમય જ વિનાશ નોતરવા કટીબદ્ધ થતો હોય છે. 'લોકક્ષયકૃત' બને છે. સૌંદર્ય અને ભીષણતા બન્ને જીવનની વાસ્તવિકતા છે. આપણે તે સ્વીકારવું પડશે. નહીં તો ભૌતિક જીવન ઉપરની પકડ ખોઈ બેસશું અને મોટા વિનાશને ઉઘાડું મેદાન આપશું.

પણ હિંસા અને યુદ્ધ એ અંતિમ ઉપાય છે એ વિવેક રાખવો જરૂરી છે.

---

(પૃ.૪૭ ઉપરથી)

## સિદ્ધિદિન

સંપૂર્ણ પસંદગી કરતા રહેવું જોઈએ અને પાર્થિવ પ્રકૃતિના ઉપર હજુ સુધી અમલ ચલાવી રહી છે એવી માનસિક, પ્રાણમય અને સ્થૂલ ભૂમિકાઓની શક્તિઓના મિથ્યા આભાસોના અસત્યનો સતત અને સંપૂર્ણ પરિત્યાગ કરતા રહેવું જોઈએ.

સમર્પણ સર્વાંગી હોવું જોઈએ તથા સાધકની ચેતનાના એક એક વિભાગમાં તેનો અધિકાર સ્થાપવો જોઈએ. ચૈત્યપુરુષ યાને અંતરાત્મા સમર્પણના ભાવને પ્રત્યુત્તર આપે, અને માનસિક ચેતનાનો સ્તર સ્વીકાર કરે, અથવા તો અંતરની પ્રાણમય ચેતના એને વશ થાય, તથા સૂક્ષ્મ અન્નમય ચેતના સુધી સમર્પણની અસર પહોંચે એટલું પૂરતું નથી. સાધકની પ્રકૃતિનો કોઈ પણ ભાગ - સૌથી બહિર્મુખ સ્થૂલ ભાગ પણ એવો રહેવો ન જોઈએ જે પોતાનું કશું પણ સમર્પણમાંથી બાકી રાખે.''

શ્રી અરવિન્દે સમજાવેલા ત્રણ પુરુષાર્થ દ્વારા આપણી શ્રદ્ધાને જીવંત બનાવી સિદ્ધિદિનની ઉજવણી કરીએ એ જ મા ભગવતીને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

# ક્યો આદર્શ રાખવો ?

પ્રકરણ - ૨

(light for students - P. 7-10)

૧ નિસર્ગમાં એક ઊર્ધ્વ-ગામી ઉત્ક્રાંતિ છે.

જે પથ્થર..... વનસ્પતિ..... પ્રાણી..... અને માનવી સુધી વિકસી છે..... માનવ પોતાને ઉત્ક્રાંતિનો અંતિમ તબક્કો ગણે છે..... શારીરિક દૃષ્ટિએ તે હજી પ્રાણીની કક્ષાએ જ છે..... કુદરત આવા અધૂરાં પરિણામોથી સંતોષ માનતી નથી. તે માનવમાંથી અતિમાનવ રચવા પ્રયત્ન કરી રહી છે..... અલબત, શારીરિક ખોળિયું લગભગ માનવનું રાખીને જ. પૃ.૭

૨ શ્રી અરવિન્દ આ સત્ય સમજાવવા જ પૃથ્વી ઉપર આવ્યા હતા. તેમણે કહેલું, ''માનવ એક મધ્યાવસ્થાનું મનોમય ચેતનામાં રહેતું પ્રાણી છે પણ તે સત્ય-ચેતના વિકસાવી શકશે.''પૃ.૭

૩ તમારા આદર્શો ઉપર બધો આધાર છે. તમારા આદર્શોની ગુણવત્તા મુજબ તમારા જીવનની ગુણવત્તા હશે. પૃ.૮

૪ તમારી પૂર્ણતા ઉપર તમારા આદર્શની વાસ્તવિકતા બનવાની પૂર્ણતા આધાર રાખે છે.

૫ માનવોનું વર્ગીકરણ તેમના જીવન તરફના વલણ ઉપર આધાર રાખે છે :

૧ જેઓ ફક્ત પોતા પૂરતા જ જીવે છે. આવા લોકો બહુમતીમાં હોય છે.

૨ જે બીજા ઉપર પ્રેમ કરી તેમની સેવા માટે જીવે છે.

૩ જે માનવજાતને મદદ કરવા કોઈ પ્રવૃત્તિ આદરે છે, જેમાં પોતાનો ફાયદો વિચારતા નથી.

૪ જેઓ પરમપ્રભુ માટે જ અને તેમની દ્વારા જ જીવે છે. તેઓ પ્રભુની શોધ આદરે છે અને તેનું કામ કરે છે. પ્રથમ ત્રણ પ્રકારનાં લોકો અહંકારમાં જીવતા હોવાથી) દુઃખ, યાતના, નિરાશાના ભોગ બને છે. ચોથા પ્રકારમાં જો તે પ્રામાણિક અને સમતામાં રહેતો હોય, તો તેને આંતરિક પ્રકાશપૂર્ણ શાંતિનું અને જીવન સાર્થક

બન્યાનું વરદાન મળે છે. પૃ.૮-૯

૬ જીવવાનો સાચો હેતુ એક જ છે..... પોતાને આંતરબાહ્ય જાણી લેવો..... તેમાં આપણે અહીં શા માટે છીએ ? તે માટે શું કરવું ? તે જાણવું જરૂરી છે. પૃ.૯

૭ બચપણમાં આની શરૂઆત કરવી સારી, કારણ આમાં ઘણુંબધું શીખવાનું હોય છે..... અને જેમ જેમ તે વધુ જાણે છે તેમ તેમ તેને હજી ઘણું જાણવું છે એનું ભાન થાય છે.પૃ.૯

૮ ભૂલેચૂકે પણ ''મારે મહાન વ્યક્તિ બનવાનું છે, તે માટે મારે કેવી પ્રગતિ કરવી જોઈએ ?'' આવું વિચારતા નહિ. તેની બદલે આમ વિચારો..... ''દરેક વ્યક્તિ પ્રભુની ખાસ અભિવ્યક્તિ છે તેથી એવી વસ્તુ છે જે અન્યો કરતાં હું વધારે સારી રીતે કરી શકીશ. માટે મારું જીવન તે ક્ષમતા વિકસાવવા જ વ્યતીત કરવું જોઈએ. તે હું અભિમાન વગર સહજ રીતે કરતો રહીશ...... જેમ ફૂલ ખીલે છે તેમ મારી તે નિયતિ છે.'' પૃ.૧૦

---

(પૃ.૪૩ ઉપરથી) **સાધના બાબતની વ્યાપક ગેરસમજો**

વૈશ્વિક અનૈ વિશ્વાતીત ચેતનાની અવસ્થા સાથે એકરૂપતા સાધે છે. તેના પરિપાકરૂપે સર્વજ્ઞતા પ્રથમ પ્રગટ થાય છે, જેને શ્રી અરવિન્દ અતિમનસ જ્ઞાન કહેતાં. તે પછી નિજાનંદ પ્રગટ થાય છે, જે આનંદમય કોષને વિકસાવે છે.

માનવી-શરીરમાંનાં સર્વે તત્ત્વો, પુરુષો અને પંચકોષોના સર્વાંગપૂર્ણ વિકાસ દ્વારા પરમ-ચેતનાની જીવનદ્વારા શુદ્ધ, નિત્ય, પૂર્ણ અભિવ્યક્તિ એ જ યોગનું પ્રથમ ધ્યેય છે અને તે અભિવ્યક્તિને કાયમી કરવા, અન્યોમાં પણ પૂર્ણતા લાવવા, પ્રભુનાં કરણ બની રહેવું એ તેના લક્ષ્યનો ઉત્તરાર્ધ છે. પણ આ બન્ને પાસાં સાથેસાથે વિકસવાં જોઈએ. એમ શ્રી માતાજી જણાવતાં. પંચકોષો એ પ્રાથમિક રીતે શારીરિક કોષોમાં (cells) રહેલાં છે અને તેમાંથી રચાયેલાં સામૂહિક પંચકોષોને આપણી શારીરિક-ચેતના ધારણ કરે છે તેથી કોષોની સાધના એ તો યોગના પાયામાં જ રહેલ છે. તેના યોગના બધાં જ તબક્કાઓમાં જાણતાં-અજાણતાં સમાવેશ થતો જ હોય છે. તેથી તે અંતિમ-કક્ષાની સાધના છે, એવા સર્વવ્યાપક ખોટા ભ્રમમાં રહેવું પૂર્ણયોગી માટે હિતાવહ નથી. આપણી રોજિંદી સાધનામાં શારીરિક - કોષોને પણ સહભાગી કરતાં શીખવવું જરૂરી છે. શ્રી માતાજીના અનુભવો મુજબ જપ દ્વારા આ થઈ શકે છે અને જપ એ કાંઈ અંતિમ સાધનાનો તબક્કો નથી, પણ શરૂઆતથી જ સ્વીકારેલી સાધના-પદ્ધતિ છે.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૬૦)

અવતરણો

## ભીતિનું નિવારણ

1 There is this disadvantage of sanitation that..... while you diminish the chance of catching an illness, you diminish also your natural power of resistance. P.60

2 There are people..... who know nothing of hygiene..... There very ignorance helps them..... it shuts them to the suggestions (of illnesses) P.60

3 ..... If you observe your mind deeply for ten minutes, you will find that for nine out of ten it is full of fears. P.61

4 Once you enter the path of Yoga you must get rid of all fears. P.61

5 ... blows and knocks you receive on the path of Yoga is to rid you of all fears. P.61

6 There are sadhus, who accept filthy living conditions out of saintliness.P.62

7 .... the moral conditions of people is much more important than the physical. P.62

8 If you are afraid of illness, it is though you were attracting the illness. P.63

9 There are many ways to cure our self of fear. It would be enough to say - your fear is a weakness, fear is a suggestion from hostile forces, you must drive it away. P.63

10 Once you recognise that fear is not a good thing..... you begin to fight against it. Fear is also something terribly collective and contagious. P64

11 For mystic the best cure..... is to think of the Divine. P.64

12 The body receives its inspirations from the subconscient..... All the fears driven out from the active conscienceness go and take refuge there..... P.64

13 There are three reasons (of feeling fear). First, an excessive concern about one's security, Next, what one does not know, always gives an uneasiness. And above all, one is not in the habit of having a spontaneous trust in the Divine. P.65

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

રોગની ભીતિ જ રોગને આમંત્રે છે. સ્વચ્છતા તે ભીતિ ઓછી કરવામાં મદદ કરે છે. મેં સ્વચ્છતાની પૂરેપૂરી કાળજી લીધી છે. મને હવે રોગ નહિ થાય આ શ્રદ્ધા જ સંરક્ષણ પૂરું પાડે છે. બીજી બાજુ સ્વચ્છતાનો અતિરેક થોડાક અસ્વચ્છ વાતાવરણમાં પણ ભીતિ નિર્માણ કરી રોગને આમંત્રી બેસે છે. અજ્ઞાની લોકો અસ્વચ્છ વાતાવરણમાં પણ નિરામય જીવન જીવે છે. તેમનું અજ્ઞાન જ ભીતિ સામે સંરક્ષણ આપે છે.

તમે ફક્ત દસ જ મિનિટ તમારા મનમાં ચાલતા વિચારોનું નિરીક્ષણ કરશો તો તમને એક સત્ય હકીકત જણાશે. દસમાંથી નવ વિચારોના મૂળમાં કોઈક ભીતિ હોય છે.

યોગમાં તો તમે સર્વ ભીતિઓથી મુક્ત થવાનું છે. પછી તે ભીતિ જાગૃત મનમાં હોય કે અવચેતનમાં, મનમાં હોય કે પ્રાણમાં, શરીરમાં હોય કે તેના કોષોમાં. આ ભીતિમાંથી મુક્તિ જ તમારી તંદુરસ્તી બક્ષશે. ગામડાંનાં લોકો ખાબોચિયામાંનું ડહોળું પાણી પીએ છે, છતાં માંદા પડતા નથી; કારણ તેમનાં મન, પ્રાણ શરીરમાં ભીતિ હોતી નથી. એવા પણ સાધુઓ હોય છે જે હેતુપૂર્વક અસ્વચ્છ અને ગંદવાડભરી સ્થિતિમાં તપ કરવાની ભાવનાથી રહે છે. નહાતા નથી, હાથપગ ધોતા નથી, મોઢું ધોતાં નથી, વાસી ગંધાતું ખાય છે અને છતાં નિરોગી રહે છે; કારણ તેમણે ભીતિને જીતી લીધેલી હોય છે.

સારાંશ, શરીરની સ્વચ્છ અવસ્થા કરતાં માનસિક નિર્ભય અવસ્થા રોગ-પ્રતિકાર માટે વધારે મહત્ત્વની છે. આપણા પૂર્ણયોગમાં શરીરે પણ યોગમાં સહભાગી થવાનું છે. તેથી તેને નિરોગી, મજબૂત, શાંત અને પ્રસન્ન રાખવું જરૂરી છે. શરીર તો યોગનો આધાર અને પાયો છે.

માંદગીથી ડરવું એ માંદગીને આમંત્રણ આપવા જેવું છે, કારણ તેમાં શરીર અવચેતન સ્તરે માંદગી આવવાની જ છે તેની મૂક સંમતિ આપતું હોય છે.

આવી ભીતિને નાથવા નીચે મુજબના વિવિધ ઉપાયો છે :

૧ ભીતિ એ નબળાઈ છે એવી દૃઢ ધારણા હશે તો શરીર તે નબળાઈથી ઉપર ઉઠવા પ્રયન કરશે. માંદગી જીવનમાંની વિકૃતિ છે, સહજતા નથી.

૨ ભીતિ એ વિરોધી બળોનો આપણને નબળા પાડવાનાં સૂચન-સ્વરૂપો છે. આવી ધારણાને લીધે પણ ઉપર મુજબની ભૂમિકા વિકસે છે.

૩ ભીતિ એ સારી નથી, તે અપાયકારક છે. તે અભિમાન લેવા જેવી વસ્તુ નથી. આવી સાદી સમજણ પણ ઉપર મુજબની જ ભૂમિકા બાંધે છે.

૪ ભીતિ એક સામૂહિક ઘટના છે તે ભાવ ખૂબ જ ચેપી છે, સમાજમાં તરત ફેલાય છે. તે તેને નિયંત્રણમાં રાખવી એ એક નાગરિકનું પવિત્ર કર્તવ્ય છે એવો ભાવ પણ ઉપર મુજબની ભૂમિકાને પોષક છે.

૫ ગૂઢવાદી તો ભીતિની શરૂઆત થતાં જ તેને બદલે પ્રભુનું સ્મરણ અને તેનો સ્પર્શ પામવાની ભૂમિકા લઈ ભીતિને નિર્મૂળ કરી નાંખે છે.

૬ આધ્યાત્મિક માનવ ભીતિને અહંકારની નીપજ ગણે છે અર્થાત્ અજ્ઞાનની નીપજ ગણે છે. અહંકાર જ ચેતનાને સંકુચિત કરી દ્વૈતભાવ,જુદાપણું નિર્માણ કરે છે. જ્યાં આવો ભેદભાવ છે ત્યાં જ ભીતિ નિર્માણ થાય છે (દ્વિતિયાત્ તુ ભયં ભવતિ) તેથી આધ્યાત્મિક વ્યક્તિ ભીતિ નિર્માણ થતાં જ દ્વૈતભાવને વટાવીને એકત્વને પામવાનો પ્રયત્ન કરે છે (એકત્વં અનુપશ્યતઃ - ગીતા). તે એકતા જ ભીતિને નિર્બળ કરી નાંખે છે.

શરીરને માનસિક અને પ્રાણમય ભીતિમાંથી મુક્ત કર્યા છતાં શારીરિક - ભીતિ તો યથાવત જ રહે છે. તેને નિવારવા નીચેની સમજણ કેળવવી પડે છે. શરીર બહુઅંશે પોતાનું માર્ગદર્શન અવચેતનમાંથી જ મેળવે છે. અવચેતનમાં અનેક પ્રકારનાં ભય ભંડારાએલાં પડ્યાં હોય છે. જાગૃત મનમાંથી હાંકી કાઢેલાં ભયો અવચેતનમાં જઈને છૂપાઈને બેસે છે.

શારીરિક ભીતિ નિર્માણ થવાનાં ત્રણ કારણો છે :

૧ પોતાની સુરક્ષિતતાને વધુ પડતું મહત્ત્વ આપવાની ટેવ

૨ પોતાને જે વસ્તુ અપરિચિત લાગે છે તેનો શરીરને ડર લાગે છે

૩ શરીરને પ્રભુની પરમકૃપા અને સંરક્ષણમાં શ્રદ્ધા રાખવાનો અભ્યાસ જ કરાવેલો હોતો નથી.

આમાંનો પ્રથમ પ્રકાર શરીરની સહજપ્રેરણાને કારણે રચાય છે. મન અને પ્રાણને તેમાં કોઈ શક્યતા ન જણાવા છતાં શરીર ડરે છે. કાંચની પેટીમાં પુરાયેલો છંછેડાએલો ઝેરી નાગ પેટીની અંદરની બાજુએ પોતાનું મોઢું પછાડે તો પણ બહારથી જોનારાની આંખો તે નાગના ફટકા વખતે મીંચાઈ જાય છે. આ શારીરિક ભય છે, અભ્યાસથી શરીરને આશ્વસ્થ કરી શકાય છે.

# સાધના બાબતની વ્યાપક ગેરસમજો

- માનસિંહ ચાવડા

પૂર્ણયોગ અને તેની સાધના પદ્ધતિઓ વિષે ખૂબ જ વ્યાપક ગેરસમજો પ્રવર્તે છે. સર્વ સામાન્ય માનવો અને પૂર્ણયોગના ચિંતકો પણ આ ગેરસમજોના શિકાર થએલા જણાય છે.

તેમાંની પ્રથમ ગેરસમજ એ છે કે પૂર્ણયોગનો ભારતમાંની અન્ય યોગપ્રણાલીઓ સાથે કાંઈ લેવા દેવા નથી. તે તદ્દન નવો જ પ્રકારનો યોગ છે.

શ્રી માતાજીએ આ ગેરસમજ નિવારવા તા.૨૩.૧૧.૫૫ના વર્ગોમાં જે સમજણ આપી તે સમજી લેવા જેવી છે.

એક સર્વાંગપૂર્ણ પ્રકાશમય સર્વવ્યાપી ચેતનાનો સાક્ષાત્કાર એ જ મૂળભૂત સાક્ષાત્કાર છે. તેને આપણી ચેતનાનાં બધાં જ કાર્યો અને સ્તરો દ્વારા પ્રગટ કરવી એ આ પૂર્ણયોગનો હેતુ છે. તેથી દરેક સાધના માર્ગ કે યોગપ્રણાલી આ પરમ-ચેતનાના કયા સ્તરનો સાક્ષાત્કાર કરાવે છે તે અનુભવી તે સત્યનાં અંશને સ્વીકારવો જરૂરી છે. તે ફક્ત પૂર્ણ સત્ય નથી એટલું જાણવું જરૂરી છે. આ બધી જ સાધના-પદ્ધતિઓ આંશિક સાક્ષાત્કારના ટૂંકા માર્ગો છે. એક આંશિક સાક્ષાત્કાર મેળવવા પણ સમગ્ર જીવન વેડફવું પડે છે તેમ ન થાય માટે તેમનું જ્ઞાન જરૂરી છે. સમગ્ર સત્યના સર્વાંગપૂર્ણ સાક્ષાત્કારને શ્રી અરવિન્દ "Absolute concrete experience" - 'સત્યનો સર્વાંગપૂર્ણ નક્કર અનુભવ' કહેતા. તેથી બધી જ યોગપ્રણાલીઓનો આદર કરીને તેમાંનાં આંશિક સત્યને પૂર્ણયોગીએ સ્વીકારવાની સમન્વયાત્મક ભૂમિકા જ લેવી જરૂરી છે.

બીજી ગેરસમજ એ છે કે પૂર્ણયોગની કોઈ સાધના પદ્ધતિ જ નથી. ખરેખર તો દરેક સાધકમાં પોતાની પ્રકૃતિ અનુસારનાં ગુણદોષ હોવાથી, સ્વભાવની ખાસિયતો હોવાથી, તેની ચેતનાનો વિકાસનો માર્ગ અનન્ય પ્રકારનો જ હોય છે. આ સૈદ્ધાંતિક - સત્ય હોવા છતાં સર્વસાધારણ સાધના - પદ્ધતિઓ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ શિષ્યોને વારંવાર જણાવેલી છે. તેની સર્વસાધારણ રૂપરેખા જણાવવા 'મા' પુસ્તક લખાએલું છે.

દરેક યોગ, પછી તે ભલે પૂર્ણયોગ હોય, તેને પોતાની યોગ-સાધનાની વ્યવહારુ સાધના-પદ્ધતિ વિકસાવવી પડે જ છે. સામૂહિક સાધનાના વિકાસ માટે તો તેની ખૂબ જ જરૂર હોય છે. દા.ત. માતાજીના ઑર્ગનની ટેપ સાંભળવી આ સામૂહિક સાધના

પદ્ધતિનો વ્યવહારુ ભાગ બની જાય છે. સામૂહિક ધ્યાન આ તેવી જ પદ્ધતિ છે. પ્લેગ્રાઉન્ડ ઉપર સામૂહિક કવાયત આ પણ તેનો જ ભાગ છે. તેથી સમજુ સાધકે નવા આવનારા સાધકોને કોઈ સાધના પદ્ધતિ જ નથી એમ ન કહેતા, શ્રી માતાજી જ તમને આંતર-પ્રેરણાથી તમારી સાધનાને અનુરૂપ ઘાટ આપશે એવું હકારાત્મક વિધાન કરવાની જરૂર છે. નહિં તો નવો સાધક કેન્દ્રમાંથી પરાવૃત્ત થઈ કોઈ ચીલાચાલુ સહેલી સાધના પદ્ધતિમાં જઈ ખૂંપી જશે અને તેનો સર્વાંગી વિકાસ અટકી જશે. પરદેશીઓને તેમની ટેવ મુજબનો માંસાહાર આશ્રમમાં આવતી વખતે પ્રવાસ દરમિયાન ન મળે તો તેઓ આવી નજીવી છતાં તેમને મહત્ત્વની લાગતી જરૂરિયાતના અભાવને કારણે પૂર્ણયોગ ચૂકી ન જાય તેની પણ શ્રી માતાજી કાળજી લેતાં. આપણે શ્રી માતાજીને અનુસરતાં શીખવું પડશે. શ્રી માતાજી જણાવતાં કે કોઈની પણ ચેતનાએ સ્થાપેલી શ્રદ્ધા, વિશ્વાસની સમતુલાને ભાંગી ન નાંખો. તેને ધીમેથી ઊર્ધ્વ - સમતુલામાં આરોહણ કરતા શીખવો.

ત્રીજી ગેરસમજ એ છે કે કોષોની સાધના એ તદ્દન નવો જ પ્રકાર છે. પહેલાં તેવી કોઈ સાધના - પદ્ધતિ જ નહોતી.

આ માટે એક લુપ્ત થએલી વૈદિક સાધના પદ્ધતિના ખાસ મંત્રો તરફ આપનું ધ્યાન દોરવા માંગું છું. પણ તે પહેલાં તેની થોડી પૂર્વભૂમિકા સમજી લેવી જરૂરી છે.

સર્વવ્યાપી ચેતનાને બ્રહ્મ કહે છે. આ ચેતના મૂળભૂત તત્ત્વ તરીકે ‘બ્રહ્મ છે. પણ તે હજી પૂર્ણ રીતે પ્રગટ થયું નથી તેથી આ જગતને બ્રહ્માંડ - બ્રહ્મનું ઈંડું કહે છે. તે પ્રકાશસ્વરૂપ છે અર્થાત્ ‘દિવ્ય’ છે. દિવ્ય એટલે પ્રકાશમય. તે ચેતના પોતાની ક્ષમતાઓ અને પોતાની બાબત પૂર્ણ સભાન છે, તેથી તે ચિત્-શક્તિ છે. તે શુદ્ધ અસ્તિત્ત્વ સ્વરૂપ છે તેથી સત્-સ્વરૂપ છે. તે નિત્ય સ્વયં તૃપ્ત છે તેથી આનંદ - સ્વરૂપ છે. પોતાના આ આનંદને પ્રગટ કરવા જ આ બ્રહ્માંડનું સર્જન થએલું છે. તેમાંનાં વિવિધરૂપો પૈકી માનવી-સ્વરૂપનું અનેરું મહત્ત્વ છે, કારણ તેના સ્વરૂપમાં પરમ-ચેતનાના બધાં જ સ્તરો અને ક્ષમતાઓને પ્રગટ કરવાની બીજરૂપ ક્ષમતા છે. પણ હજી તે સ્તરો અને ક્ષમતાઓ વિકાસ પામ્યાં નથી. તેથી પરમ - ચેતના જ દિવ્ય-પ્રકાશ અને દિવ્ય-શક્તિ સ્વરૂપે માનવી-સ્વરૂપમાં અવતરણ પામી તે વિકસાવવાનો પ્રયત્ન કરી રહી છે. આ જ ‘યજ્ઞ-પ્રક્રિયા’ છે.

પરમ-ચેતના માનવી-શરીરમાં પ્રકાશ-સ્વરૂપ શક્તિરૂપે અવતરણ પામે છે. આ પ્રકાશસ્વરૂપ શક્તિને જ ગીતામાં ‘ઓજસ’ કહ્યું છે. આ ઓજસ જ માનવી-શરીરનાં વિકાસ અને ઉત્ક્રાંતિનો આધાર છે (ધારયામ્યહમ્ ઓજસા - ગીતા અ.૧૫). આ તેજોમયશક્તિને વેદો ‘બ્રહ્મવર્ચસ’ કહે છે. બ્રહ્મની શક્તિ કહે છે. તેની પોતાની

સભાનતાને પ્રજ્ઞા, મેધા કે મેઘયાગ્નિ કહે છે. આ મેઘયાગ્નિનો માનવી-સ્વરૂપ સાથે જોડાણ કરી આપવું તેને તેઓ 'નરમેધયજ્ઞ' કહેતા. નરમેધયજ્ઞ એટલે નરબલિ ચડાવવાનો યજ્ઞ, એવો અર્થ મુદ્દલે નથી, પણ આવી ધર્મની વિકૃતિ બધા કાળમાં સમાજનાં અણસમજુ નિમ્ન સ્તરે સદા રહેલી જ હોય છે. એ એક વાસ્તવિકતા છે.

આ નરમેધયજ્ઞની પ્રક્રિયાને રોજિંદી પ્રક્રિયા કરવા વૈશ્વદેવ-યજ્ઞની કલ્પના વૈદિક ઋષિઓએ આગળ લાવી આ યજ્ઞમાં માનવી - વિકાસને પોષણ આપતી વિશ્વ-શક્તિઓને માનવી-શરીરમાં સંકલ્પ-શક્તિથી પ્રવેશ કરાવી 'ઓજસ' પ્રાપ્ત કરવાની પ્રક્રિયા વર્ણવી છે. નીચેનો મંત્ર આ વાત સ્પષ્ટ કરશે. આ અગ્નિ-સ્થાપનાનો મંત્ર છે.

**ૐ ભૂ ભૂર્વસ્વ દ્યૌઃ ઈવ ભૂમ્ના પૃથિવિ ઈવ વરિમ્ણા તસ્યાસ્તે પૃથિવિ દેવ યજનિપૃષ્ટે અગ્નિકન્નાદ મન્નાદ્યાયા દધે ।। (યજુ-૩-૫)**

જેમ (ઈવ) ભૌતિક શરીર (ભૂઃ) સૂક્ષ્મશરીર (ભુવઃ) અને કારણ શરીરમાં (સ્વઃ) પ્રકાશમય ઓજસ (દ્યોઃ) ઓતપ્રોત છે, તેમ (ઈવ) આ શ્રેષ્ઠ (વરિમ્ણા) પૃથ્વીના જડભૌતિક તત્ત્વમાં પણ (ભૂમ્ના) તે ઓતપ્રોત છે. તેવી આ શરીરરૂપી પૃથ્વી (તસ્યાસ્તે પૃથિવિ) કે જેનાં તદ્દન ભૌતિક જડ સ્તરે પણ (પૃષ્ટે) ઓજસ ધારણ કરાય તે માટે દૈવીતત્ત્વો પણ સતત પ્રયત્ન રૂપી યજન કરતા હોય છે (દેવયજનિ) તેવું જ શારીરિક તત્ત્વને જે અન્નથી પોષણ મેળવે છે (અન્નાદ્યાયા) તેવા શરીરમાં હું ચૈત્યપુરુષ રૂપી 'કન્નાદ' અગ્નિને સભાન અને સક્રિય રીતે ધારણ કરવાનો પ્રયત્ન કરું છે. (કન્નાદં દધે). આ મંત્ર સાધકોમાં પ્રર્વતતા બે ભ્રમ ભાંગી નાખશે.

૧ કોષોની સાધના આ તદ્દન નવીન જ પ્રકારની સાધના પદ્ધતિ નથી પણ આ બાબતની વૈદિક-પરંપરા નષ્ટ થવાથી આપણને તેવું લાગે છે એ જ વાસ્તવિકતા છે.

૨ કોષોની સાધના આ અંતિમ તબક્કાની સાધના છે એ પણ ભ્રમમાત્ર છે. શ્રી માતાજીએ પોતે જ ચાર તપસ્યાઓને ક્રમેક્રમે નહિં પણ સાથેસાથે કરવાનો જ આગ્રહ રાખેલ છે. તેમાં શરીરની સાધનાનો પણ સમાવેશ છે જ. વૈશ્વદેવ યજ્ઞને 'નિત્યાન્હિક' રોજેરોજની સાધના તરીકે જ વિકસાવવાનો ઋષિઓનો પ્રયત્ન પણ તેવો જ હતો.

પણ એ વાત સાચી છે કે આ લુપ્તજ્ઞાનને શ્રી અરવિન્દે અને શ્રી માતાજીએ ફરી પોતાની આગવી રીતે વિકસાવી, ફરી પ્રચલિત કરેલ છે. તેમાં નવી દૃષ્ટિ આપી છે. નવા આયામો ઉમેર્યા છે. નવી સમજણ આપેલી છે.

ગીતામાં શ્રીકૃષ્ણ પણ કહે છે કે પુરાતન યોગ પ્રણાલી જે સ્વયં પ્રભુ, વિવસ્વાન્ (સૂર્ય) મનુ, ઈક્ષ્વાકુ વગેરે દ્વારા ઉત્તરોત્તર પ્રગટ થએલી તે કાળપ્રવાહમાં નષ્ટ થઈ છે જે તેઓ ફરીવાર દર્શાવી રહ્યાં છે. આવો જ પ્રકાર શ્રી અરવિન્દની બાબતમાં પણ થયો છે.

ગીતામાં દર્શાવેલી સમન્વયાત્મક યોગ-પ્રણાલી નષ્ટ થવાથી અલિપૂર જેલમાં તે પ્રણાલીનો સાર ભગવાન શ્રીકૃષ્ણે ગીતા-વાચન અને તેની અનુભૂતિઓ દ્વારા શ્રી અરવિન્દને સમજાવ્યો. તે યોગ-પ્રણાલીને જ શ્રી અરવિન્દ તે વખતે 'સનાતન-ધર્મ' તરીકે વર્ણવતા તેને જ પછી 'પૂર્ણયોગ' કહેવામાં આવ્યો.

શ્રી અરવિન્દે પોતાની રીતે યોગ-સમન્વય કર્યો છે. ઘણા લોકો આ સમન્વયને જ્ઞાન-ભક્તિ-કર્મ યોગનો સમન્વય આટલા સંકુચિત અર્થમાં જ ઘટાવીને સમાધાન માને છે. પણ શ્રી અરવિન્દે સૂચવેલો યોગ-સમન્વય આ કરતાં પણ ખૂબ જ વિશાલ પાયે ગોઠવેલો છે. સમગ્ર શરીરમાં મન, પ્રાણ અને શરીર એ ત્રણ જ તત્ત્વો નથી. મન ઉપર આધારિત જ્ઞાનયોગ, પ્રાણ ઉપર આધારિત ભક્તિયોગ કે શરીર ઉપર આધારિત કર્મયોગ આ માનવી-શરીરની બધી જ ક્ષમતાઓને આવરી લેતાં નથી.

માનવી શરીરમાંના ત્રણે શરીરની ક્ષમતાઓ દર્શાવવા પંચકોષોની કલ્પના કરી છે. તે પૈકી પાર્થિવકોષ, પ્રાણમયકોષ અને મનોમય કોષનો વિકાસ શરૂ થઈ ગયો છે, પણ વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષનો વિકાસ હજી શરૂ થયો જ નથી. શ્રી અરવિન્દે વિજ્ઞાનમય કોષના વિકાસની પ્રક્રિયા હાથ ધરી. આનંદમય કોષના વિકાસનો તબક્કો ભવિષ્યમાં શરૂ થવાનો છે.

વિજ્ઞાનમયકોષને વિકસાવતું સાધન પ્રજ્ઞા છે, 'પ્રજ્ઞાનં બ્રહ્મ' આ વાક્ય તેનું સૂચક છે. પ્રજ્ઞાના કાર્યને શ્રી અરવિન્દ knowledge by identity - તાદાત્મ્ય દ્વારા જ્ઞાન તરીકે વર્ણવતા હતા. આવી જ્ઞાનાર્જનની પ્રક્રિયા વખતની અવસ્થાને પંતજલિ-સૂત્રોમાં 'સંપ્રજ્ઞાત સમાધિ' કહે છે. પ્રજ્ઞા જ્યારે યોગ્ય રીતે, પૂર્ણ રીતે વિકાસ પામી સક્રિય બની ચૂકી હોય છે, ત્યારે તે 'ધિ'ને પોતાનું એક નિમ્ન કરણ તરીકે વાપરવાની શરૂઆત કરે છે. બુદ્ધિ તેનું શુદ્ધ અને આજ્ઞાંકિત કરણ બની જાય છે. તે જ 'સમાધિ' અવસ્થા છે, કારણ તેમાં બુદ્ધિ યોગ્ય રીતે પોતાને સ્થાને ગોઠવાઈ ગએલી હોય છે. તે 'સમાધિ' અવસ્થા પ્રાપ્ત કરે છે.

પ્રજ્ઞાની સર્વાંગપૂર્ણ સક્રિય અને મુક્ત અવસ્થાને 'સંપ્રજ્ઞાત' કહે છે. અર્થાત્ એવી અવસ્થા જેમાં પ્રજ્ઞાને સમ્યક રીતે ધારણ કરવાની ટેવ પાડવામાં આવી રહી છે. અસંપ્રજ્ઞાત એટલે જે અવસ્થામાં પ્રજ્ઞાશક્તિને ધારણ કરવાની સહજ અવસ્થા પ્રાપ્ત થઈ છે તે.

પ્રજ્ઞા એ ચૈત્યપુરુષની ક્ષમતા છે. ચૈત્યપુરુષ જ તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવવાની ક્ષમતા ધરાવે છે. આ જ કારણ શરીરના વિકાસની પ્રક્રિયા છે. શુદ્ધ સત્યનું સીધેસીધું અચૂક જ્ઞાન એ ચૈત્યપુરુષની ક્ષમતા છે. આ ક્ષમતા વિકસાવતી વખતે ચૈત્યપુરુષ પોતાની

(પૃ.૩૬ ઉપર)

# શ્રી અરવિન્દનાં વિચાર - સૂત્રો

- શ્રી માતાજી

(Aphorisms)

પ્રકરણ - ૧

(માતૃવાણી ભા-૧૦, પૃ.૧-૫)

## બૌદ્ધિક જ્ઞાન અને પ્રજ્ઞા-શક્તિનો તફાવત

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**મનુષ્યમાં બે શક્તિઓ સહયોગી છે : એક છે જ્ઞાન, બીજી છે પ્રજ્ઞા. મન પોતે ફાંફાં મારી મારીને, એક વિકૃત માધ્યમ દ્વારા સત્યને આંશિક રૂપે જોઈ શકે છે અને તેને જ્ઞાન કહેવામાં આવે છે. પ્રજ્ઞા એ છે જેનું દર્શન, આત્માની ભીતરમાં દિવ્ય-ચક્ષુઓ વડે થાય છે. (૧)**

*

'માતાજી, જ્ઞાન અને પ્રજ્ઞા શક્તિ ભિન્ન કેવી રીતે ? જ્ઞાન વિકૃત માધ્યમ દ્વારા સત્યને આંશિક રીતે જોઈ શકે છે. તેનો અર્થ શું ?''

''બેટા, જ્ઞાન એટલે બૌદ્ધિકજ્ઞાન. તે મનની શક્તિ છે. પ્રજ્ઞા આત્માની શક્તિ છે. બન્નેની કક્ષાઓ અને ક્ષમતાઓ વચ્ચે ઘણો તફાવત છે. જ્ઞાન એક હાલની સમજૂતી હોય છે, તે આવતી કાલે ખોટી પણ ઠરે. તે સનાતન સત્ય હોતું નથી. પણ તેની મન ઉપર પડેલી છાપ માત્ર હોય છે, જે વિકૃત હોય છે અને તેથી અસત્ય. પ્રજ્ઞા એ વસ્તુનું આંતરિક ચિરંતન સત્યનાં દર્શન છે. તે સત્ય જ હોય છે. પ્રજ્ઞા વસ્તુ સાથે એકરૂપ થઈને જ્ઞાન મેળવે છે. મન, બુદ્ધિ, સ્મૃતિ, ઈન્દ્રિયોની છાપોના આધારે તેમાં વસ્તુ સાથે એકરૂપતા હોતી નથી. મન વસ્તુને પોતાથી અલગ એક વિષય (object) તરીકે અનુભવે છે. તે જ વિકૃતિ છે અને તે માધ્યમ દ્વારા જ તે જોય છે.''

''માતાજી, તો પછી તે બન્ને સહયોગી કેવી રીતે કહેવાય ?''

''બેટા, સહયોગીનો અર્થ છે કોઈ પરિણામ લાવવા ભેગા મળીને, સહકાર આપીને કાર્ય કરવું. દા.ત. બીજા વિશ્વયુદ્ધમાં સહયોગી રાષ્ટ્રો (મિત્ર-રાષ્ટ્રો) હિટલર સામે સાથે મળીને લડ્યાં, મનને આત્માનો ઉછીનો પ્રકાશ મળેલ છે. તેની મદદથી તે જગતનાં અને તેની પાછળ રહેલા સત્યને પોતાની ક્ષમતા અનુસાર

જાણવાનો પ્રયત્ન કરે છે. તેનો ઉછીનો પ્રકાશ વિકૃત અને નબળો હોવાથી તેને સંપૂર્ણ જ્ઞાન મળતું નથી અને તે જ્ઞાન સહજ રીતે પણ મળતું નથી..... જ્ઞાન મળતું નથી તેને ઘણા ફાંફાં મારવાં પડે છે. વળી તે જ્ઞાન મનની છાપ સ્વરૂપનું હોય છે. સત્યથી ઘણું અલગ. પણ આ જ મન આવા પ્રયત્નોથી વિકાસ પામે છે. પ્રજ્ઞાનો પ્રકાશ ઝીલવા માંડે છે. પ્રકાશમય બની જાય છે, જેને 'પ્રતિભા' કહે છે. આગળ વધીને તે પ્રજ્ઞાનાં સૂચનો આંતપ્રેરણાથી મેળવી શકે છે, જેને 'મેધા' અથવા આંતરપ્રેરણાત્મક મન કહે છે. આમ તેનો વિકાસ ધીમે ધીમે પ્રજ્ઞામાં રૂપાંતરિત થવાનો થાય છે. આ એક રીતે તેનો સહયોગ છે. આમ પ્રભુના આયોજનમાં તો બન્ને સહયોગી જ છે.''

''માતાજી, આત્માની ભીતરમાં દિવ્ય ચક્ષુઓ વડે દર્શન આ પ્રજ્ઞાની ક્ષમતાનો અર્થ શું?''

''બેટા, પ્રજ્ઞા અખંડ એકરૂપ એવી પરમ-ચેતના બાબત સદા જાગૃત અને સભાન હોય છે. તેથી તેનો જાણવાનો વિષય એ પણ આત્માની જ એક અભિવ્યક્તિ સિવાય કાંઈ નથી. સમગ્ર જગત જ આત્માએ લીધેલાં વિવિધરૂપો સ્વરૂપ છે, તેથી પોતે અને પેલો જાણવાનો વિષય બન્ને તે સર્વત્ર ફેલાએલા આત્મતત્ત્વનાં પ્રદેશમાં જ આવેલાં તે અનુભવે છે. તે અર્થમાં 'આત્માની ભીતરમાં' એ શબ્દ વાપરેલો છે.

દિવ્ય- દૃષ્ટિનો અર્થ નરી ભૌતિક આંખોથી જે દેખાતું નથી તેવા દર્શનની ક્ષમતા. દરેક ભૌતિક ઇન્દ્રિય શરીરનાં નિશ્ચિત ભાગમાં છે અને તેનું નિશ્ચિત મર્યાદિત કાર્ય છે. પણ પ્રજ્ઞાશક્તિને આવી ઇન્દ્રિયોની મદદની જરૂર નથી, તેથી તેની મર્યાદાઓથી તે મર્યાદિત પણ નથી. તેમાં સમગ્ર, સ્વયંપૂર્ણ અને શાત જ્ઞાનાર્જન કરવાની ક્ષમતા છે. આ ક્ષમતા એ જ દિવ્ય-ચક્ષુઓ.

'દર્શના શક્તિ' અથવા 'દૃષ્ટ'એ તેની પ્રત્યક્ષ ક્ષમતા છે. તે સીધેસીધું જોઈ શકે છે અને તે પણ પ્રયત્ન વગર. ફક્ત સંકલ્પ બળે. તેને સ્થળ, કાળ, કક્ષાનો કોઈ ભેદ નડતો નથી. દર્શન એટલે આત્મતત્ત્વે લીધેલા આવિર્ભાવ સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ. તેમાં ક્ષમતા, તેનું ત્રિકાળ-ભાવિ બધાનું જ જ્ઞાન મળતું હોય છે.

પ્રજ્ઞાનો અર્થ છે પ્રકર્ષેણ જ્ઞાયતે ઇતિ. જે સર્વાંગપૂર્ણ રીતે સ્પષ્ટ રીતે જાણે છે તેવી ક્ષમતા તો પરમ-ચેતનાની પોતાની ક્ષમતા છે. તે તેની સાથે એકરૂપ છે, તેથી બ્રહ્મ તત્ત્વને 'પ્રજ્ઞાનં બ્રહ્મ' કહે છે. (પ્રજ્ઞા સ્વરૂપ બ્રહ્મ)

# સિદ્ધિદિન

- હર્ષદ ઠકરાર

આપણે સૌ ૨૪ નવેમ્બરને સિદ્ધિદિન તરીકે ઉજવીએ છીએ. આ દિવસને શા માટે સિદ્ધિદિન તરીકે ઉજવવામાં આવે છે ? તેવો પ્રશ્ન સામાન્યરીતે માનવને સ્વાભાવિક થાય.

આપણે સૌ જાણીએ છીએ કે ૨૪ નવેમ્બર ૧૯૨૬ના દિને શ્રી અરવિન્દે અધિમનસ ચેતનાનો પાર્થિવ ચેતનામાં આવિર્ભાવ સિદ્ધ કર્યો છે. આ અધિમનસ ચેતનાનો આવિર્ભાવ શ્રી અરવિન્દે પોતાની વ્યક્તિગત ચેતના પૂરતો સીમિત કર્યો નથી, પરંતુ સમગ્ર વૈશ્વિક પાર્થિવ ચેતનામાં અધિમનસનો આવિર્ભાવ પ્રસ્થાપિત કર્યો છે. પાર્થિવ ચેતનાનું અધિમનસમાં ચેતનામાં રૂપાંતર એ જ શ્રી અરવિન્દની સિદ્ધિ છે. આથી ૨૪ નવેમ્બરને સિદ્ધિદિન તરીકે ઉજવવામાં આવે છે.

અધિમનસનો આવિર્ભાવ એટલે પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતનામાં દિવ્ય ચેતનાનો આવિર્ભાવ. શ્રી અરવિન્દ અધિમનસ ચેતનાને કૃષ્ણચેતના એટલે દૈવીચેતનાનો આવિર્ભાવ ગણે છે.

અધિમનસના આવિર્ભાવ દ્વારા પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતના તેના શુદ્ધ દિવ્ય સ્વરૂપે પ્રગટ થઈ છે.

અધિમનસ ચેતનાના આવિર્ભાવ પહેલાં માનવમનની પ્રસન્નતા, પ્રાણની મોજમજા અને શરીરની સુખ-સગવડો ઈચ્છતો હતો. પરંતુ આ અધિમનસના આવિર્ભાવ દ્વારા પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતના દિવ્યની તેના દિવ્ય સત્ સ્વરૂપની અભિવ્યક્તિ કરવા લાગી છે, જેને કારણે માનવને આ જીવન આનંદમય અનુભવાય છે.

અધિમનસના આવિર્ભાવ પહેલાં માનવ જીવનને જીવવાના બોજારૂપ સમજતો હતો, દુઃખમય સમજતો હતો. આથી આ જગત ત્યાગ કરવાને પાત્ર છે, એવી દૃઢ માન્યતા સાથે માનવ જીવતો હતો.

અધિમનસના આવિર્ભાવ દ્વારા શ્રી અરવિન્દે સિદ્ધ કરી આપેલ છે કે માનવ જીવન આ જગત ત્યાગ માટે સર્જાએલ નથી, પરંતુ શરીર, પ્રાણ અને મનનો સર્વશ્રેષ્ઠ સાધન તરીકે ઉપયોગ કરી જીવનમાં દિવ્યતાને અભિવ્યક્ત કરવાની છે. આ જગત

ત્યાગ માટે નથી પરંતુ પ્રભુના સંકલ્પ મુજબ દિવ્ય જીવન જીવવા માટે સર્જાયેલું છે.

અધિમનસ ચેતનાનો આવિર્ભાવ સિદ્ધ થવા છતાં માનવ હજુ પશુમય, દુઃખી અને અજ્ઞાનમય જીવન શા માટે જીવે છે ? આ પ્રશ્ન સાધકને સ્વાભાવિક રીતે થાય.

અનેક શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના છતાં માનવ હજુ અશિક્ષિત શા માટે છે ? કારણ કે માનવે તે શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરવા માટે પોતાની યોગ્યતા સાબિત કરવી પડે છે. માનવે પ્રાથમિક શિક્ષણની યોગ્યતા પ્રાપ્ત કરી ઉચ્ચ પ્રાથમિકમાં પ્રવેશ મેળવે છે. ત્યારબાદ માધ્યમિક, અનુસ્નાતક, સ્નાતક વગેરે પદવી એક પછી એક લાયકાત મેળવ્યા બાદ પ્રાપ્ત કરે છે.

માનવ દુઃખી છે, અજ્ઞાની છે તેનું કારણ માનવે હજુ અધિમનસ ચેતનાના આવિર્ભાવને ઝીલવાની લાયકાત પ્રાપ્ત કરી નથી. આ લાયકાત કેવી રીતે પ્રાપ્ત થાય તે સમજાવતાં શ્રી માતાજી જણાવે છે :

"If we had a truly living faith, an absolute certitude of the Divine, His manifestation could be so evident that the whole earth would be trans formed by it."

''આપણી શ્રદ્ધા જો સાચી જીવંત હોત, પ્રભુની સર્વશક્તિમતામાં આપણો પૂરેપૂરો વિશ્વાસ હોત તો પ્રભુનો આવિર્ભાવ એટલો સ્પષ્ટ બની શકત કે એનાથી સમગ્ર પૃથ્વીનું રૂપાંતર થઈ જાત.''

શ્રી માતાજીએ સમજાવ્યું છે તે મુજબ માનવની શ્રદ્ધામાં હજુ જીવંતતા નથી, એટલે માનવ અધિમનસ ચેતનાને અનુભવી શકતો નથી. પૃથ્વીનું રૂપાંતર સિદ્ધ કરી શક્યો નથી.

માનવની શ્રદ્ધામાં જીવંતતા નથી, તેનું કારણ શ્રી અરવિન્દે 'મા' પુસ્તકમાં જે ત્રણ પુરુષાર્થ સમજાવ્યા છે તેનું અનુશીલન માનવ કરતો નથી. માનવે શ્રી અરવિન્દે સમજાવેલા ત્રણ પુરુષાર્થ અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગ ત્રણેયનો સમન્વય કરવાનો છે. એકાંગી પુરુષાર્થ વ્યર્થ થાય છે. એકાંગી પુરુષાર્થ જીવંતતા લાવી શકતો નથી. શ્રદ્ધામાં જીવંતતા લાવવા માટે માનવની અભીપ્સા, પરિત્યાગ અને સમર્પણ કેવા જોઈએ તે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે કે -

''પ્રભુની દિવ્ય શક્તિ પ્રત્યે પોતાની સત્ત્-તાને અનન્ય ભાવે સાધકે અભિમુખ કરવી જોઈએ; ઊર્ધ્વમાંથી જે સત્ય અવતરણ કરી રહેલું છે તેની સતત અને સમગ્ર

(પૃ.૩૪ ઉપર)

# 'અંતર્મુખી જીવન'

(પુસ્તક પરિચય) - તંત્રીશ્રી

હાલમાં જ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના સાહિત્ય ઉપર આધારિત અંતર્મુખી જીવન પ્રકાશિત થયું. મૂળ પુસ્તક શ્રી એ. એસ. દલાલનું છે અને અનુવાદક છે શ્રી ગિજુભાઈ દવે. પ્રકાશકઃ પ્લેઝેંટ ગિફ્ટ, ૨૮૯/૧૧ સ્વીટ હોમ ફ્લેટ્સ્, સેક્ટર-૨૮, ગાંધીનગર - ૩૮૨૦૨૮, ભારત છે. કિંમત - રૂા.૧૨૦/- છે. પૃષ્ઠ સંખ્યા - ૧૭૯ છે.

આજના સમસ્યા અને માનસિક તાણના યુગમાં જીવનમાં આવતા કટુ પ્રસંગોને લીધે નિર્માણ થતા વિક્ષોભો વ્યક્તિનાં માનસિક સ્વાસ્થ્યને હચમચાવી મૂકે છે અને તે માનસિક બીમારીમાં સપડાઈ જાય છે.

પણ ફક્ત બાહ્ય વિક્ષોભોનો અભાવ જ માનસિક સ્વાસ્થ્ય આપતો નથી. વ્યક્તિની સકારાત્મક ભૂમિકા અને શુભભાવનાઓ તે માટે જરૂરી છે.

આ બાબતમાં યોગનું પ્રદાન મહત્ત્વનું પુરવાર થયું છે. કારણ તે નિર્વિકાર ચેતના, સકારાત્મક વિચાર અને શુભભાવનાઓ બધું જ એક સાથે વિકસાવે છે અને આંતરિક આનંદ પ્રકટ કરે છે. દરેક યોગમાં માનવ-સ્વરૂપ વિશે પોતાના વિચારો હોય છે. પૂર્ણયોગમાં માનવ પ્રકૃતિ અને પુરુષનો બનેલો હોઈને પ્રકૃતિના વળી ચૈતસિક, માનસિક, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ, ભૌતિક તથા અવચેતન અને અચેતનના ભાગ હોય છે. આ બધાનું રૂપાંતર કરીને સંવાદમાં ગોઠવી વ્યક્તિના ચૈત્યપુરુષના સંચાલન નીચે મૂકવામાં આવે છે.

ચૈત્યપુરુષ પરમ ચેતનાની પ્રેરણાઓ મેળવીને તે અનુસાર દિવ્ય જીવનનો ઘાટ રચે છે અને પ્રભુના સંકલ્પને સિદ્ધ કરે છે, તેથી જે આત્મિક આનંદ પ્રકટ થાય છે તે બધાં વિક્ષોભો અને દુઃખોમાંથી માનવને મુક્ત કરે છે.

સદર પુસ્તક શ્રી અરવિન્દની આ વિશેના વિચારો સમજવા માટે ખૂબ જ મદદરૂપ થઈ શકે છે.

અનુવાદકને ખાસ અભિનંદન.



# શ્રી અરવિંદ

જામતી હવા શુદ્ધ સંવાદ તણી, ને ગાઢ અરુણ પ્રકાશ જે,
સ્વર્ગે શ્વસતો જાણે આત્મા એ, તે થકી સાદ તેનો પામતા,
તન-મન અને ઇન્દ્રિયો કદા.

A secret air of pure felicity, Deep like a sapphire heaven our spirit breathe;
Our hearts, bodies fill its obscure call, Our senses grope for it and touch and lose.

Savitri B-10, C-3, P-629

## શૈલપુત્રી

શૈલ શીલારૂપ ગણી, પાર્થિવ જડ તત્ત્વ સ્વરૂપ,
શારીરિક-ચેતના તેમાં રહી, એ જ શૈલપુત્રી રૂપ. ॥૧॥
જડમાં ચેતના ઊગે, યાંત્રિક પ્રેરણા રૂપ,
તે જ શૈલપુત્રી ગણી, પાર્વતી તેનું સ્વરૂપ. ॥૨॥
શારીરિક-ચેતના સ્વતંત્ર ગણી, શરીર સંચાલન કરે,
ના બુદ્ધિનું એ કાર્ય ગણ્યું, ના મન કાર્ય કરે. ॥૩॥
વાદક-બુદ્ધિ બેધ્યાન છતાં, વીણાનાં સૂર અચૂક,
વિચારસાગરે ચાલક છતાં, મોટર ચાલે અનુરૂપ. ॥૪॥
આ કાર્ય ના બુદ્ધિ તણું, ના આ મનની રીત,
કાર્ય આ શારીરિક-ચેતના તણું, એ સમજી લે નિશ્ચિત. ॥૫॥
પાર્થિવતત્ત્વની આ ચેતના, રક્ષે દેહ સદાય,
દેહ-વિકાસ પણ તે જ કરે, શૈલપુત્રી કામ ગણાય ॥૬॥
આરોગ્યનાં સંવેદનો, શક્તિનો અહેસાસ,
વિસંવાદમાં રૂપ લે, ગ્લાનિ, નબળાઈ, અવસાદ. ॥૭॥
પશુમાં તે પ્રગટ રહે, માનવમાં ઢંકાય,
તેથી માનવ જાણે નહિ, નોંધ તેની ન લેવાય. ॥૮॥

(શૈલપુત્રીનાં સ્વરૂપમાં પોઠિયો પાર્થિવતત્ત્વનું પ્રતીક છે. હાથમાંનું કમળ વિકસતી ચેતના છે. તે ચેતના ત્રણ શૂળરૂપી ત્રિશૂળના આઘાતથી વિકાસ પામે છે. ત્રણ શૂળ એટલે આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક દુઃખો. પોઠિયા ઉપર સવારી પાર્થિવતત્ત્વના સંચાલનનું પ્રતીક છે. બે હાથ દેહનું સંચાલન અને દેહ-રક્ષણનાં કાર્યનાં પ્રતીક છે.)

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫
**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA
No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH